યુવા ઉપનિષદ્ પબ્લિકેશન

અદ્યતન આવૃત્તિ 2020-21

# વર્ગ-3
# (Class-III)

અગાઉની પરીક્ષાના



# પ્રશ્નપત્રો

## વિગતવાર સમજૂતી સાથે

**14 પ્રશ્નપત્રો**

**2050 પ્રશ્નો**

ગુજરાતી



**બિન સચિવાલય કલાર્ક, સિનિયર કલાર્ક**

**જુનિયર કલાર્ક, તલાટી કમ મંત્રી**

**મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી (ATDO)**

**હાઈકોર્ટ કલાર્ક, એગ્રીકલ્ચર કલાર્ક**

**જમાદાર, વનરક્ષક**



ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, જિલ્લા પંચાયત સેવા પસંદગી મંડળ, ગુજરાત હાઈકોર્ટ, ગુજરાત એગ્રીકલ્ચર યુનિવર્સિટી, ગુજરાત વનવિભાગ દ્વારા આયોજીત પરીક્ષાઓના પ્રશ્નપત્રોનો સમાવેશ

YUVA UPNISHAD
PUBLICATION

સંકલન
અજય પટેલ, સંજય પાઘડાળ
વ્રજ ગાંધી, ઈમરાન હાંસા

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| | **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB) દ્વારા આયોજિત** | |
| 1. | બિન સચિવાલય ક્લાર્ક પરીક્ષા તા. 17-11-2019 | 7-30 |
| 2. | બિન સચિવાલય ક્લાર્ક પરીક્ષા તા. 16-10-2016 | 31-52 |
| 3. | બિન સચિવાલય ક્લાર્ક પરીક્ષા તા. 21-12-2014 | 53-74 |
| 4. | સિનિયર ક્લાર્ક પરીક્ષા તા. 13-08-2017 | 75-96 |
| 5. | સિનિયર ક્લાર્ક પરીક્ષા તા. 26-06-2016 | 97-113 |
| 6. | મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી (ATDO) પરીક્ષા તા. 18-12-2016 | 114-130 |
| 7. | જમાદાર (હેડ કોન્સ્ટેબલ) પરીક્ષા તા. 20-05-2018 | 131-143 |
| | **જિલ્લા પંચાયત સેવા પસંદગી મંડળ (DPSSC) દ્વારા આયોજિત** | |
| 8. | તલાટી કમ મંત્રી (ગાંધીનગર) પરીક્ષા તા. 12-02-2017 | 144-153 |
| 9. | તલાટી કમ મંત્રી (સુરત) પરીક્ષા તા. 06-06-2015 | 154-163 |
| 10. | જુનિયર ક્લાર્ક (સુરત) પરીક્ષા તા. 19-02-2017 | 164-173 |
| 11. | જુનિયર ક્લાર્ક (ગાંધીનગર) પરીક્ષા તા. 05-07-2015 | 174-185 |
| | **ગુજરાત હાઈકોર્ટ દ્વારા આયોજિત** | |
| 12. | હાઈકોર્ટ જુનિયર ક્લાર્ક પરીક્ષા તા. 06-05-2012 | 186-198 |
| | **ગુજરાત એગ્રીકલ્ચર યુનિવર્સિટી દ્વારા આયોજિત** | |
| 13. | એગ્રીકલ્ચર જુનિયર ક્લાર્ક પરીક્ષા તા. 29-12-2019 | 199-223 |
| | **ગુજરાત વન વિભાગ દ્વારા આયોજિત** | |
| 14. | વનરક્ષક (ફોરેસ્ટ ગાર્ડ) પરીક્ષા તા. 09-10-2016 | 224-234 |


DEMO COPY


PlusKart
SHOP ANY TIME
સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકો ઉપર
20 થી 40% ડિસ્કાઉન્ટ
વેબ સાઈટ
www.pluskart.in
✆73 83 30 30 80
કુરિયર સુવિધા ઉપલબ્ધ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB) દ્વારા આયોજિત

# બિન સચિવાલય કલાર્ક

## પરીક્ષા તા. 17-11-2019

**પ્રશ્નપત્ર 1** કુલ પ્રશ્નો :- 200 કુલ ગુણ :- 200 સમય:- 2 કલાક

## ઈતિહાસ / સાંસ્કૃતિક વારસો

1. ડાકોર ખાતે આવેલ જગપ્રસિદ્ધ રણછોડરાયજીનું મંદિર બંધાવનાર પરિવારનું નામ જણાવો.
   (A) દીવાન પરિવાર
   (B) અચરતલાલ ગિરધરલાલ પરિવાર
   (C) તાંબ્વેકર પરિવાર
   (D) કૃષ્ણશંકર મુળચંદ પરીખ પરિવાર

Ans : (C) તાંબ્વેકર પરિવાર
EX : ડાકોરના જગપ્રસિદ્ધ રણછોડરાયજીનું મંદિર સન 1772માં એક લાખ રૂપિયામાં શ્રી ગોપાલરાવ જગન્નાથ તાંબ્વેકર દ્વારા બનાવવામાં આવ્યું હતું. આ મંદિર હાલ ખેડા જિલ્લામાં આવેલું છે. ગુજરાતના છ પવિત્ર સ્થાનોમાં આ મંદિરનો સમાવેશ કરવામાં આવે છે.

2. 1922માં અમદાવાદના શાહીબાગ ખાતેના સરકારી સર્કીટ હાઉસમાં ગાંધીજી પર રાજદ્રોહના આરોપસર મુકદ્દમો ચલાવવામાં આવ્યો. આ મુકદ્દમો કયા જજ સમક્ષ ચલાવવામાં આવ્યો હતો ?
   (A) મિ.સી.એન. બ્રુમફિલ્ડ
   (B) સર એ.ઝેડ.વિલ્ફેડ
   (C) મિ.વાય.એન.થોમસ કુક
   (D) સર થોમસ આર્મસ્ટ્રોંગ

Ans : (A) મિ.સી.એન. બ્રુમફિલ્ડ
EX : વર્ષ 1922માં મુંબઈના અધીકારી મિ.સી.એન. બ્રુમફિલ્ડ દ્વારા ગાંધીજી ઉપર બ્રિટીશ સંસ્થાન વિરુદ્ધની કાર્યવાહી કરવા બાબતે રાજદ્રોહ નો કેસ કરવામાં આવ્યો. આ સાથે 6 વર્ષની જેલની સજા ફરમાવવામાં આવી હતી.

3. અગાઉ અહમદનગર તરીકે ઓળખાતા શહેરનું નામ કયા રાજાએ પોતાના વારસદારના નામ સાથે જોડી 'હિંમતનગર' રાખ્યું ?
   (A) રાજા જયસિંહજી (B) રાજા દેવેન્દ્રસિંહજી
   (C) રાજા કૌશલસિંહજી (D) રાજા પ્રતાપસિંહજી

Ans : (D) રાજા પ્રતાપસિંહજી
EX : ઈ.સ. 1426 માં નાસીરુદીન અહમદશાહ દ્વારા હાથમતી નદીના કિનારે અહમદનગર નામનું શહેર વસાવવામાં આવ્યું જેનું બાદમાં નામ હિંમતનગર (સાબરકાંઠા જિલ્લો) રાખવામાં આવ્યું.

4. પ્રસિદ્ધ સોમનાથના મંદિરનો ધ્વંસ કરવા આવેલ મોગલ સૈન્યનો પ્રતિકાર કરી કયા રાજવી અગ્રણીએ મંદિરનું રક્ષણ કરતાં કરતાં વીરમૃત્યુ વહોર્યું હતું ?
   (A) વલ્લભ ભરવાડ (B) હમીરજી ગોહિલ
   (C) મુળરાજ ઘેવર (D) મહિપાલ ગોહિલ

Ans : (B) હમીરજી ગોહિલ
EX : અમરેલી પંથકના રાજવી ભીમજી ગોહિલના પુત્ર હમીરસિંહ ગોહિલ સમઢિયાળાની ગાદી સંભાળતા હતા. ફિરોજ તુઘલકના શાસન સમયે ઝફર ખાનની સોમનાથ મંદિર પરની ચડાઈ વખતે હમીરજી સોમનાથની રક્ષા માટે આવ્યા ત્યારે તેમને વેગડા ભીલનો સહકાર મળ્યો. દસ દિવસ સુધી તેમણે ઝફર ખાનના લશ્કર સામે યુદ્ધ કર્યુ અને અંતે હમીરજી અને વેગડા ભીલ વીરમૃત્યુને વહોર્યા.

5. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

| | | | |
|---|---|---|---|
| (a) | માધવ (માધા) વાવ | (1) | કચ્છ જિલ્લો |
| (b) | રોહા ફોર્ટ | (2) | જુનાગઢ જિલ્લો |
| (c) | આનંદ આશ્રમ બિલખા | (3) | સુરેન્દ્રનગર જિલ્લો |
| (d) | રૂઠી રાણીનો મહેલ | (4) | સાબરકાંઠા જિલ્લો |

   (A) a-3, b-1, d-2, c-4 (B) c-2, d-4, a-3, b-1
   (C) d-4, c-1, a-3, b-2 (D) b-3, c-2, d-4, a-1

Ans : (B) c-2, d-4, a-3, b-1
EX : માધવ વાવ એ 'ભદ્રા' પ્રકારની પગથિયા વાવ છે. તે સુરેન્દ્રનગરના વઢવાણ તાલુકામાં આવેલ છે. જે કર્ણદેવ વાઘેલા–બીજાના સમયકાળમાં બનાવવામાં આવેલ છે.
રોહા ફોર્ટ એ અબડાસાનાં રાજવીનો મહેલ હતો જે અલાઉદ્દીન ખિલજી સાથેના યુદ્ધમાં મૃત્યુ પામ્યા હતા.
આનંદ આશ્રમ એ સનાતન ધર્મનું એક સ્થાન છે. તેની સ્થાપના આચાર્ય નાથુરામ દ્વારા કરવામાં આવી હતી. તે જૂનાગઢના બિલખામાં આવેલ છે.
રૂઠી રાણીનો મહેલ સાબરકાંઠાના હિંમતનગરમાં આવેલો છે.

6. ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતના ધરોહર સમાન પ્રસિદ્ધ ગુજરાતી કવિ, લેખક દુલા ભાયા કાગનું જન્મસ્થળ જણાવો.
   (A) મજાદર (B) કડિયાળી
   (C) મોરંગી (D) રાજપારડા

Ans : (A) મજાદર
EX : દુલાભાયા કાગ એ ગુજરાતી સાહિત્યના પ્રખર સાહિત્યકર્તા, ગીતકાર અને એક કલાકાર હતા. તેમનો જન્મ સૌરાષ્ટ્રના કાગધામ (મજાદર), અમરેલીમાં થયો હતો. તેઓ ચારણ હતા. તેમની પ્રખ્યાત રચનાઓમાં ચંદ્રબાવની, સોરઠબાવની, ગુરુમહિમા, વિનોબાબાવની છે. તેમનો પ્રખ્યાત ગ્રંથસંગ્રહ 'કાગ–વાણી' 8 ભાગમાં વિભાજિત છે.

DEMO COPY
YUVA UPANISHAD PUBLICATION

116. નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.
હું ઝડપથી ત્યાં પહોંચી ગયો.

(A) કારણવાચક (B) રીતવાચક
(C) સ્થળવાચક (D) અભિગમવાચક

Ans : (B) રીતવાચક
EX : ઝડપથી – પહોંચવાની / ક્રિયાની રીત બતાવે છે. તેથી રીતવાચક ક્રિયાવિશેષણ કહેવાય.

117. નીચેનામાંથી કયા અંલકાર ઉપમેયને જ ઉપનામ તરીકે દર્શાવવામાં આવે છે?

(A) અનન્વય (B) આંતરપ્રાસ
(C) વ્યતિરેક (D) રૂપક

Ans : (A) અનન્વય
EX : ઉપમેયને સરખામણી કરવા યોગ્ય ઉપમાન ન મળતા ઉપમેયની સરખામણી ઉપમેયની (પોતાની) સાથે જ કરવામાં આવે તેને અનન્વય અલંકાર કહેવાય.

## અંગ્રેજી વ્યાકરણ

118. Fill in the blank :
............. Ranchhod pitamber is suspected by the police.

(A) A (B) An
(C) The (D) No article required

Ans : (A) A
EX : સામાન્ય રીતે નામ આગળ Article નહી આવે પરંતુ (A Ranchod Pitamber = a certain Person named Ranchod pitamber) તે શંકાસ્પદ વ્યક્તિ તરીકે દર્શાવ્યા હોવાથી A આર્ટીકલ વાપરવામાં આવ્યો છે.

119. Fill in the blank :
A black and white cow ............ grazing in the field now.

(A) is (B) are
(C) was (D) were

Ans : (A) is
EX : અહીં એક જ ગાય જે બે રંગની છે તેવું દર્શાવવામાં આવ્યું છે. જ્યારે બે વિશેષણ એક જ વસ્તુ કે વ્યક્તિ માટે વાપરવામાં આવે ત્યારે પ્રથમ વિશેષણ સાથે આર્ટીકલ વાપરવામાં આવે છે.

120. Fill in the blank :
He showed........... mercy to the vanquished and killed them.

(A) a little (B) the little
(C) little (D) a few

Ans : (C) little
EX : ગણી ન શકાય તેવા નામો સાથે વાપરવામાં આવે છે. જે નહિવત એમ નકારનો ભાવ દર્શાવો છે.

121. Fill in the blank :
The jury ............. divided in their opinions in the last meeting.

(A) is (B) are
(C) was (D) were

Ans : (D) Were
EX : The Jury-group દર્શાવે છે. જેથી બ.વ.વાળુ સહાયકારક ક્રિયાપદ વાપરવામાં આવ્યું છે વાકય ભૂતકાળનું હોવાથી Were જવાબ આવે.

122. Fill in the blank :
He has few grey ............. in his beard.

(A) hair (B) haire
(C) hairs (D) hare

Ans : (A) hair
EX : Few ગણી શકાય તેવા નામો સાથે વાપરવામાં આવે છે. જે નહિવત એમ નકારનો ભાવ દર્શાવે છે. જેથી Hair વાપરવામાં આવ્યું છે. જ્યારે બધા વાળની વાત હોય તો Hairs આવે

123. Fill in the blank :
There is no Hindu ______ knows the story of the Ramayana.

(A) who (B) which
(C) but (D) that

Ans : (C) but
EX : but નો અર્થ પણ, પરંતુ ઊપરાંત છતા પણ થાય છે. આ વાકયનો અર્થ અહી કોઈ હિન્દુ નથી છતા રામાયણની વાર્તા જાણે છે.

124. Fill in the blank :
Go back ______ you came.

(A) where (B) when
(C) whence (D) whither

Ans : (C) Whence
EX : મૂળ સ્થળને દર્શાવવા માટે Whence નો ઉપયોગ થાય છે.

125. Fill in the blank :
Rama, and not you, ______ won the prize.

(A) have (B) has
(C) didn't (D) will

Ans : (B) has
EX : એક જ વસ્તુ જ્યારે બે વ્યકિત માટે વાપરવામાં આવે ત્યારે પ્રથમ વ્યકિત ના નામ પ્રમાણે સહાયકારક ક્રિયાપદ વાપરવામાં આવે છે.

126. Fill in the blank :
I, who _____ your friend, will guard your interests.

(A) are (B) am
(C) was (D) has

Ans : (B) am
EX : એક જ વસ્તુ જ્યારે બે વ્યકિત માટે વાપરવામાં આવે ત્યારે પ્રથમ વ્યકિત ના નામ પ્રમાણે સહાયકારક ક્રિયાપદ વાપરવામાં આવે છે.

127. Give synonym of :
'Barbarous'

(A) Barber (B) Savage
(C) Labourous (D) Ambitious

Ans : (B) Savage

YUVA UPNISHAD PUBLICATION
DEMO COPY

## ગણિત / તાર્કિક કસોટી


143. બે ટ્રેઈનની લંબાઈ 185મી. અને 215 મી. છે. તેઓની ઝડપ અનુક્રમે 50 કિ.મી./કલાક અને 40 કિ.મી./કલાક છે. બન્ને ટ્રેન એકબીજા સામે સમાંતર લાઈન પર આવી રહી છે. તો કેટલા સમયમાં એકબીજાને પસાર કરશે ?

(A) 12 સેકન્ડ (B) 15 સેકન્ડ

(C) 16 સેકન્ડ (D) 1 મીનિટ

Ans : (C) 16 સેકન્ડ

EX :




ઝડપ = $\frac{\text{અંતર}}{\text{સમય}}$

સમય = $\frac{\text{અંતર}}{\text{ઝડપ}}$

$= \frac{185+215}{(50+40)\times\frac{5}{18}}$

$= \frac{400\times18}{90\times5}$

= 16 સેકન્ડ

144. 1 વર્ષ = 365.25 દિવસ મુજબ (આશરે) ............... સેકન્ડ થાય.

(A) $3.056\times10^6$ (B) $3.556\times10^8$

(C) $3.665\times10^5$ (D) $3.156\times10^7$

Ans : (D) $3.156\times10^7$

EX : 1 દિવસમાં કુલ સેકન્ડ = 24 કલાક × 60 મિનિટ × 60 સેકન્ડ

1 દિવસમાં કુલ સેકન્ડ = 86400 સેકન્ડ

∴ 365.25 દિવસમાં કુલ સેકન્ડ = 365.25 દિવસ × 86400 સેકન્ડ

= 31557600 સેકન્ડ

= $3.156\times10^7$ સેકન્ડ

145. લંબચોરસની લંબાઈમાં 20% વધારો અને પહોળાઈમાં x% વધારો કરતા ક્ષેત્રફળમાં 50 % નો વધારો થાય તો x % ...............

(A) 50% (B) 20%

(C) 25% (D) 40%

Ans : (C) 25%

EX : ક્ષેત્રફળમાં વધારો = A+B + $\frac{AB}{100}$

$50 = 20 + x + \frac{20x}{100_5}$

$50 = 20 + x + \frac{x}{5}$


$250 = 100 + 5x+x$

$150 = 6x$

$x= \frac{150}{6}$

x = 25%

146. A, B, C, D પ્રશ્ન આકૃતિઓ આપેલ છે. જે કોઈ ખાસ ગુણધર્મથી ક્રમિક બદલાય છે. બાજુમાં આપેલ 1, 2, 3, 4 જવાબ આકૃતિઓમાંથી કઈ આકૃતિ તે ગુણધર્મ જાળવી રાખે છે તે જણાવો.



A B C D E 1 2 3 4

(A) 1 (B) 2

(C) 3 (D) 4

Ans : (D) 4

147. આપેલ શ્રેણીમાં 320 એ કેટલામું પદ હશે તે જણાવો.

5, 8, 11, 14, ____, 320

(A) 104 મુ (B) 105 મુ

(C) 106 મુ (D) 64 મુ

Ans : (C) 106 મુ

EX :

5, 8, 11, 14

$t_n = a +(n-1)d$

d = 8-5 = 3

a = 5 $t_n$ =320

320 = 5 + (n-1) ×3

320 – 5 = (n-1)3

315 = (n-1)3

(n-1) = $\frac{315}{3}$ 105

n = 106

148. 1 થી 10 સુધીના અંકો વડે નિઃશેષ ભાગી શકાય તેવી નાનામાં નાની સંખ્યા કઈ છે?

(A) 2040 (B) 2520

(C) 2650 (D) 2620

Ans : (B) 2520

EX : 1 થી 10 વડે નિઃશેષ ભાગી શકાય તેવી નાનામાં નાની સંખ્યા માટે લ.સા.અ. શોધો.

1 થી 10 સુધીના અંકોનો લ.સા.અ.

1, 2, 3, 4, 5, 6, 7, 8, 9, 10

લ.સા.અ. = 10 × 9 × 7 × 4

= 902×8 = 2520

149. જો $2^x = 3^y = \frac{1}{6^z}$ હોય, તો $\frac{1}{x}+\frac{1}{y} + \frac{1}{z}$ = ________

(A) 1 (B) 2

(C) 3 (D) 0

Ans : (D) 0

EX : $2^x = 3^y = \frac{1}{6^z}$ તો $\frac{1}{x}+\frac{1}{y} + \frac{1}{z}$ = ________

$2^x = 3^y = 6^{-z}$ = k ધારતા

$2^x = k \Rightarrow 2 = k^{\frac{1}{x}}$

$3^y = k \Rightarrow 3 = k^{\frac{1}{y}}$

$6^{-z} = k \Rightarrow 6 = k^{\frac{-1}{z}}$

⇒ 6 = 3 × 2

$k^{\frac{-1}{z}} = k^{\frac{1}{y}}\ k^{\frac{1}{x}}$

$k^{\frac{-1}{z}} = k^{\frac{1}{x}+\frac{1}{y}}$

$\Rightarrow \frac{1}{x}+\frac{1}{y} = \frac{-1}{z}$

$\Rightarrow \frac{1}{x}+\frac{1}{y} + \frac{1}{z}=0$

PlusKart SHOP ANY TIME
સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકો ઉપર 20 થી 40% ડિસ્કાઉન્ટ
વેબ સાઈટ www.pluskart.in
73 83 30 30 80
કુરિયર સુવિધા ઉપલબ્ધ

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

72. તારાઓમાં કઈ પ્રક્રિયાને લીધે વિકિરણ સ્વરૂપે ઉર્જા ઉત્પન્ન થતાં તેઓ સ્વયંપ્રકાશિત છે?

(A) ન્યુક્લિયર સંલયન (B) કોસ્મિક

(C) ન્યુક્લિયર વિખંડન (D) સુપરનોવા

Ans : (A) ન્યુક્લિયર સંલયન

EX : તારાઓમાં ન્યૂક્લિયર સંલયનની પ્રક્રિયાને કારણે વિકિરણ સ્વરૂપે ઉર્જા ઉત્પન્ન થાય છે અને તેથી જ તારાઓ સ્વયંપ્રકાશિત હોય છે.

સૂર્ય પણ એક તારો જ છે. સૂર્ય પર હાઈડ્રોજનનું સતત ન્યૂક્લિયર સંલયનની પ્રક્રિયા દ્વારા હિલિયમમાં રૂપાંતર થાય છે અને વિકિરણ સ્વરૂપે ઉર્જા ઉત્પન્ન કરે છે. તેથી જ તે સ્વયંપ્રકાશિત છે.

73. ખાલી જગ્યા પૂરો.

તાપમાનના એકમોના રૂપાંતરણ સૂત્ર–

R=___ × C જ્યાં, R = રૂમર (Reaumur)4 C= સેલ્સિયસ (Celsius)

(A) $\frac{3}{4}$ (B) $\frac{4}{5}$

(C) $\frac{2}{5}$ (D) $\frac{5}{4}$

Ans : (B) $\frac{4}{5}$

## ગુજરાતી સાહિત્ય

74. ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી તાજેતરમાં કયા લેખકને 'સાહિત્ય રત્ન' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો?

(A) ભાગ્યેશ જહા (B) વિનોદ ભટ્ટ

(C) રઘુવીર ચૌધરી (D) ગુણવંત શાહ

Ans : (D) ગુણવંત શાહ

EX : ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પ્રથમ સાહિત્ય રત્ન એવોર્ડ વર્ષ 2016માં ગુણવંત શાહને એનાયત કરવામાં આવ્યો હતો. વર્ષ 2017નો સાહિત્ય રત્ન એવોર્ડ ભગવતીકુમાર શર્માને એનાયત કરવામાં આવ્યો છે. ગુજરાત સાહિત્ય અકાદમીની સ્થાપના વર્ષ 1982માં કરવામાં આવી હતી. તેમજ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 1983થી પુરસ્કાર આપવાની શરૂઆત કરવામાં આવી છે. સાહિત્ય અકાદમી તરફથી સાહિત્ય રત્ન એવોર્ડમાં તકતી, શાલ અને રૂ. 1,51,000 પુરસ્કાર તરીકે આપવામાં આવે છે.

75. 'શું શા પૈસા ચાર' એવી ગુજરાતી ભાષા માટે વપરાતી અપમાનજનક ઉક્તિથી દુ:ખી થઈ કયા મધ્યયુગીન કવિએ ગુજરાતી ભાષાને આગળ લાવવાનો નિર્ધાર કર્યો?

(A) પ્રેમાનંદ (B) શામળ

(C) દયારામ (D) અખો

Ans : (A) પ્રેમાનંદ

EX : પ્રેમાનંદને 'મહાકવિ', આખ્યાન શિરોમણિ તરીકે ઓળખવામાં આવે છે. 'ગુજરાત' શબ્દની ભેટ તેમની પાસેથી મળેલ છે. તે સમયે ગુજરાતી ભાષાની કિંમત ભારતની અન્ય ભાષા સામે નગણ્ય હતી. આથી ગુજરાતી ભાષા અન્ય ભાષા સમોવડી ન બને ત્યાં સુધી પાઘડી ન પહેરુ એવી ભીષ્મ પ્રતિજ્ઞા કરી હતી.

76. કવિ શ્રી ઉમાશંકર જોષીનું પૂરૂં નામ જણાવો.

(A) ઉમાશંકર નર્મદાશંકર જોષી

(B) ઉમાશંકર ભવાનીપ્રસાદ જોષી

(C) ઉમાશંકર આત્મારામ જોષી

(D) ઉમાશંકર જેઠાલાલ જોષી

Ans : (D) ઉમાશંકર જેઠાલાલ જોષી

EX : ઉમાશંકર જેઠાલાલ જોષી તેમનું મૂળ નામ છે. તેમનું ઉપનામ વાસુકિ/શ્રાવણી છે. તેમનો જન્મ 1911માં સાબરકાંઠાના ઈડર તાલુકામાં બામણિયા ગામમાં થયો. 1949માં રણજીતરામ સુવર્ણચંદ્રક તથા 1947માં નર્મદ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. 1967માં નિશીથ કાવ્યસંગ્રહ માટે જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

77. પ્રમાણિકતાથી સોનીનો ધંધો કરતા હોવા છતા પોતાના ઉપર બહેન અને બાદશાહ બંનેએ અવિશ્વાસ વ્યકત કરતાં ખૂબ જ વ્યથિત થઈ ધંધાનો ત્યાગ કરી સત્યની શોધમાં નીકળી પડેલ પ્રસિદ્ધ કવિનું નામ જણાવો.

(A) શામળ (B) અખો

(C) પ્રેમાનંદ (D) નર્મદ

Ans : (B) અખો

EX : અખાનું મુળ નામ નામ અક્ષય સોની હતું અને વ્યવસાયે સોની હતો. અખો એ જહાંગીરની ટંકશાળામાં કામ કરતો હતો. તેમની પર અવિશ્વાસ વ્યકત કરનાર બહેનનું નામ જમના બહેન હતું.

અખાને જ્ઞાનનો વડલો, ઉત્તમ છપ્પાકાર, હસતો ફિલસૂફ ઉપનામ મળેલ છે.

પંકિતઓ : ભાષાને શું વળગે છે ભૂર, રણમાં જે જીતે તે શૂર,
નાહયા ધોયા કરે ફૂટડાં, ખાઈ પીને થયા ખૂટડા.

78. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

(A) પન્નાલાલ પટેલ — 1. ગંગોત્રી

(B) ઝવેરચંદ મેઘાણી — 2. તુલસીકયારો

(C) ઉમાશંકર જોષી — 3. રાઈનો પર્વત

(D) રમણભાઈ નીલકંઠ — 4. મળેલા જીવ

(A) B-4, C-3, D-2, A-1 (B) D-3, B-2, C-1, A-4

(C) A-2, D-1, B-3, C-4 (D) C-2, A-3, D-1, B-4

Ans : (B) D-3, B-2, C-1, A-4

EX : પન્નાલાલ પટેલ દ્વારા મળેલા જીવ કૃતિ લખાયેલ છે. જેમાં કાનજી અને જીવીના પાત્રોનો સમાવેશ થાય છે. પન્નાલાલ પટેલનો જન્મ 1912 માં રાજસ્થાનમાં માંડલીમાં થયો હતો. તેમને 1985 માં માનવીની ભવાઈ માટે જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

1. ઝવેરચંદ મેઘાણીઃ તેમના દ્વારા તુલસીકયારો કૃતિ લખાયેલ છે. તેમનો જન્મ 1896 માં ચોટીલા ખાતે થયો હતો. ગાંધીજી તેમને રાષ્ટ્રીય શાયર તરીકે ઓળખાવે છે.
2. ઉમાશંકર જોષી દ્વારા ગંગોત્રી કાવ્યસંગ્રહ લખાયેલ છે. ઈ.સ.1967 માં નિશીથ કાવ્ય માટે સૌપ્રથમ તેમને જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.
3. રમણભાઈ નીલકંઠ : પ્રખ્યાત નાટક 'રાઈના પર્વત' ની રચના કરી હતી. તેમના પિતાશ્રી મહિપતરામ નીલકંઠના લાલજી મણિયારના વેશ પરથી લખાયેલ છે. તેઓ ગુજરાતના પ્રથમ સમર્થ હાસ્યકાર હતા.

DEMO COPY

141. એક પરીક્ષામાં એક વિદ્યાર્થી 32% મેળવતા 20 માર્કસ ઓછા મળવાથી નાપાસ થાય છે. બીજા વિદ્યાર્થીને 42% માર્કસ મળતા પાસ થવા માટેના લઘુતમ માર્કસ કરતા 30 માર્કસ વધુ મળે છે, તો કેટલા માર્કસની પરીક્ષા હશે?

(A) 360 (B) 400
(C) 420 (D) 500

Ans : (D) 500
EX : વિદ્યાર્થી 32% મેળવતા 20 માર્કસ ઓછા
વિદ્યાર્થી 42% મેળવતા 30 માર્કસ વધારે
∴ કુલ ટકાનો તફાવત 10% છે અને માર્કસનો તફાવત 50 માર્કસ છે.
42 – 30 = 30 + 20 (10% = 50 માર્કસ)
ત્રી–સમીકરણનો ઉપયોગ કરતાં
જો 10% = 50 માર્કસ
100% = (?)
$= \frac{10\times50}{10}$
= 100 × 5
= 500 માર્કસ
કુલ 500 માર્કસની પરીક્ષા હશે.

## કમ્પ્યૂટર

142. એક વેબસાઈટ પરથી અન્ય વેબસાઈટ પર જવાની પ્રક્રિયાને શું કહે છે?

(A) સર્ફિંગ (B) સર્ચિંગ
(C) મૂવીંગ (D) ફાઈન્ડિંગ

Ans : (A) સર્ફિંગ
EX : ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ ઘણી બધી વેબસાઈટોને ઓપન કરી એક સાઈટ પરથી બીજી સાઈટ પર જવાની ક્રિયા સર્ફિંગ તરીકે ઓળખાય છે. ઘણીવાર કોઈ વેબસાઈટમાં એકથી વધુ પેજ હોય તો અન્ય પેજ ઉપર જવાની ક્રિયાને પણ સર્ફિંગ કહેવાય છે.

143. abc@gmail.com માં abc શું છે?

(A) એક્ષટેન્શન (B) સર્વિસ પ્રોવાઈડર
(C) હોસ્ટ નેમ (D) યુઝર નેમ

Ans : (D) યુઝર નેમ
EX : abc@gmail.com આ ઈ–મેઈલ એડ્રેસના અંગો નીચે મુજબ છે.
- abc - યુઝર નેમ
- @ - એક્ષટેન્શન
- gmail – હોસ્ટ નેમ
- .com – ડોમેઈન નેમ

144. LANનું પૂરુંનામ શું છે?

(A) Logged Area Network
(B) login area network
(C) Local area Network
(D) locking area network

Ans : (C) Local area Network
EX : LAN - Local area Network એક બિલ્ડિંગ કે તેમના સમૂહને જોડતું પ્રાઈવેટ નેટવર્ક છે. LAN માં જેટલા પણ કમ્પ્યૂટરને સાંકળી લેવામાં આવ્યા હોય, તે તમામ કમ્પ્યૂટરના ઉપયોગકર્તાઓ નેટવર્કના ભાગરૂપ કોઈપણ હાર્ડવેર કે સોફ્ટવેરનો ઉપયોગ કરી શકે છે. જેની રેન્જ 100 મીટર છે.

145. માઉસના બટનને બે વખત દબાવીને છોડી દેવાની પ્રક્રિયાને શું કહે છે?

(A) ક્લિક (B) ડબલ ક્લિક
(C) ડ્રેગીંગ (D) રાઈટ ક્લિક

Ans : (B) ડબલ ક્લિક
EX : કમ્પ્યૂટર સિસ્ટમમાં જ્યારે ફાઈલ, ફોલ્ડર કે સોફ્ટવેરને ખોલવું હોય ત્યારે ડબલ ક્લિક કરવામાં આવે છે. ડબલ ક્લિક એ કમ્પ્યૂટર સિસ્ટમ દ્વારા માંગવામાં આવતી પરમિશન સમાન હોય છે. જ્યારે મિનીમાઈઝ, મેક્સિમાઈઝ, ઓકે કે કેન્સલ જેવા ઓપ્શન માટે સિંગલ ક્લિક નો ઉપયોગ થાય છે.

146. કી બોર્ડની પ્રથમ લાઈનમાં ડાબી બાજુથી જમણી બાજુની કી નો ક્રમ કયો હોય છે?

(A) POIUY (B) ASDFG
(C) QWERT (D) ZXCV

Ans : (C) QWERT
EX. કમ્પ્યુટરના કીબોર્ડ પર વિવિધ પ્રકારની કી આવેલી હોય છે. જે પૈકી આલ્ફાબેટ ટાઈપ કરવા માટે આલ્ફાબેટ કી નો ઉપયોગ થાય છે. જેની પ્રથમ લાઈનની શરૂઆતમાં Q, W, E, R, T કી આપેલી હોય છે.

147. સામાન્ય રીતે CD ની સંગ્રહ ક્ષમતા કેટલી હોય છે?

(A) 500 MB (B) 600 MB
(C) 700 MB (D) 800 MB

Ans : (C) 700 MB
EX : આ એક ઓપ્ટીકલ ડિસ્ક છે. જેમાં માહિતી લેસર લાઈટ વડે Read/Write કરી શકાય છે. CDની સંગ્રહ ક્ષમતા 700 MB છે. CD માં Data Write કરવાની પ્રક્રિયાને Burning કે Burn Process કહેવામાં આવે છે. પ્રથમ CDનું નિર્માણ SONY કંપની દ્વારા 1982 માં કરવામાં આવ્યું હતું.

148. CD/DVD માં ડેટા કયા સ્વરૂપે સંગ્રહિત હોય છે ?

(A) Analog (B) Digital
(C) A અને B બંને (D) A અને B પૈકી એક પણ નહી

Ans : (B) Digital
EX : CD અને DVD એક પ્રકારની ઓપ્ટિકલ ડિસ્ક છે. જેમાં ડિજીટલ ડેટાને લેસર બિમ દ્વારા સંગ્રહી શકાય છે. CD અને DVD ની રચનામાં પોલિકાર્બોનેટની ગોળ ડિસ્ક પર ચમકદાર એલ્યુમિનિયમનું આવરણ ચડાવેલું હોય છે અને તેના ઉપર જ ડેટા સંગ્રહિત થાય છે.

149. MS Office પેકેજમાં કયા પ્રોગ્રામનો સમાવેશ થતો નથી?

(A) Word (B) Excel
(C) Write (D) Access

Ans : (A) Write
EX : માઈક્રોસોફ્ટ ઓફિસ પેકેજમાં વર્ડ, એક્સેલ, પાવરપોઈન્ટ અને એક્સેસ જેવા પ્રાથમિક સોફ્ટવેર ઉપરાંત વિવિધ પ્રકારના અન્ય કાર્યો કરવા માટે પણ સોફ્ટવેર આપેલા હોય છે. Write એ ઓપન ઓફિસનું માઈક્રોસોફ્ટ વર્ડ જેવું ટેક્સ એડિટર સોફ્ટવેર છે. જેમાં વર્ડની જેવી તમામ પ્રકારની ક્રિયાઓ કરી શકાય છે.

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

17. ગુજરાત રાજ્યના પૂર્વમુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકી અગાઉ ભારત સરકારમાં કયો હોદ્દો ધરાવતા હતા?
(A) ગૃહમંત્રી (B) સ્પીકર
(C) વિદેશમંત્રી (D) સ્વાસ્થ્યમંત્રી

Ans : (C) વિદેશમંત્રી
EX : વર્ષ 1991 થી 1992ના સમયગાળા દરમિયાન પ્રધાનમંત્રી પી.વી. નરસિંહમારાવના સમયગાળામાં વિદેશમંત્રી તરીકેનો કાર્યભાર માધવસિંહ સોલંકી સંભાળતા હતા. 5 વર્ષનો શાસન કાળ પૂર્ણ કરનાર તેઓ પ્રથમ મુખ્યમંત્રી (વર્ષ 1980 થી 1985) હતાં.

## બંધારણ

18. સંસદમાં નાણાકીય ખરડો મૂકવા માટે કોની પૂર્વમંજુરી જરૂરી છે?
(A) રાષ્ટ્રપતિ (B) વડાપ્રધાન
(C) નાણાપ્રધાન (D) કેન્દ્રીય નાણાપંચ

Ans : (A) રાષ્ટ્રપતિ
EX : બંધારણના અનુચ્છેદ–117 માં નાણાકીય ખરડાં (Finance Bill) ની જોગવાઈ કરવામાં આવી છે. જે રાષ્ટ્રપતિની પૂર્વ મંજુરીથી સંસદમાં રજુ કરવામાં આવે છે.

19. નીચેના પૈકી કઈ જોડ સાચી નથી ?
(A) રાષ્ટ્રીય પક્ષી–મોર (B) રાષ્ટ્રીય પ્રાણી–સિંહ
(C) રાષ્ટ્રીય ફુલ–કમળ (D) રાષ્ટ્રીય ફળ–કેરી

Ans : (B) રાષ્ટ્રીય પ્રાણી–સિંહ
EX : ભારતનું રાષ્ટ્રીય પ્રાણી વાઘ છે. વર્ષ 1972 સુધી રાષ્ટ્રીય પ્રાણી તરીકે સિંહનો સ્વીકાર કર્યો હતો ત્યારબાદ રાષ્ટ્રીય પ્રાણી તરીકે વાઘનો સ્વીકાર કરવામાં આવ્યો. વાઘનું વૈજ્ઞાનિક નામ પેન્થરા ટાઈગ્રીસ અથવા તો લીન્નાયસ છે. વાઘના સંરક્ષણ માટે 1973 થી ભારત સરકાર દ્વારા "પ્રોજેક્ટ ટાઈગર" યોજના શરૂ કરવામાં આવી હતી.

20. ભારતની સંવિધાનસભા દ્વારા તા........ના રોજ સંવિધાન અપનાવવામાં આવ્યું હતું?
(A) 26 જાન્યુઆરી 1949 (B) 15 ઓગસ્ટ 1949
(C) 26 નવેમ્બર 1949 (D) 26 જાન્યુઆરી 1950

Ans : (C) 26 નવેમ્બર 1949
EX : 26 નવેમ્બર, 1949ના દિવસે બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો, તથા કેટલીક જોગવાઈઓ જેમકે નાગરિકતા, કામચલાઉ સરકાર અને સંસદ, ચૂંટણી, કટોકટીની જોગવાઈ તે જ દિવસે લાગુ કરવામાં આવી આથી 26 નવેમ્બર ના દિવસને કાયદા દિવસ (Law day) તરીકે ઓળખવામાં આવે છે. તે ઉપરાંત વર્ષ 2015 થી 26 નવેમ્બરને બંધારણ દિવસ (Constitutional Day) તરીકે ઉજવવામાં આવે છે.

21. સમગ્ર ભારતીય પ્રદેશ માટે સમાન નાગરિકધારો (Uniform Civil Code)ઘડવા માટે ભારતના બંધારણના કયા અનુચ્છેદમાં જણાવાયું છે?
(A) અનુચ્છેદ–45 (B) અનુચ્છેદ–44
(C) અનુચ્છેદ–16 (D) અનુચ્છેદ – 14

Ans : (B) અનુચ્છેદ–44
EX : બંધારણના ભાગ 4 માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં અનુચ્છેદ–44 નાગરિકો માટે એક સરખા દીવાની કાયદાની જોગવાઈ કરવામાં આવી છે. ભારતમાં ગોવામાં સમાન નાગરિક ધારો અમલમાં છે.

22. બંધારણ અનુસાર, જમ્મુ કાશ્મીર ભારતીય સંઘનો.....
(A) એક વિભક્ત ભાગ છે. (B) એક અતુટ ભાગ છે.
(C) એક શ્રેષ્ઠ ભાગ છે. (D) એક સંદિગ્ધ ભાગ છે

Ans : (B) એક અતુટ ભાગ છે.
EX : જમ્મુ કાશ્મીરના બંધારણના અનુચ્છેદ 1 અનુસાર જમ્મુ અને કાશ્મીર ભારતનો અતૂટ ભાગ છે. બંધારણ અનુચ્છેદ –1માં કહેવામાં આવ્યુ છે કે ભારતએ રાજ્યનો સંઘ હશે. કોઈપણ રાજ્ય સંઘથી અલગ થઈ શકે નહિ.

23. ભારતના બંધારણના કયા અનુચ્છેદ હેઠળ જમ્મુ અને કાશ્મીર રાજ્યને વિશિષ્ટ દરજ્જો આપવામાં આવે છે?
(A) અનુચ્છેદ–370 (B) અનુચ્છેદ–369
(C) અનુચ્છેદ–371 (D) અનુચ્છેદ–372

Ans : (A) અનુચ્છેદ–370
EX : ભારતના બંધારણના ભાગ 21 માં અનુચ્છેદ 370 માં જમ્મુ કાશ્મીરને વિશેષ દરજ્જો આપવામાં આવતો હતો. પરંતુ 5 ઓગસ્ટ, 2019 ના રોજ જમ્મુ કાશ્મીર પૂનર્ગઠન વિધેયક 2019 સંસદમાં પસાર થતાં જમ્મુ–કાશ્મીર રાજ્યને અપાયેલો વિશેષ રાજ્યનો દરજ્જો નાબુદ કરાયો છે.

24. નીચેના પૈકી કયા દેશનું બંધારણ, વિશ્વનું સૌથી લાંબુ–સર્વગ્રાહી લિખિત બંધારણ ગણવામાં આવે છે ?
(A) બ્રિટન (B) યુ.એસ.એ.
(C) રશિયા (D) ભારત

Ans : (D) ભારત
EX : વિશ્વનું મોટામાં મોટું લેખિત બંધારણ ભારતનું છે. જેમાં વર્તમાનમાં આશરે 465 અનુચ્છેદ 12 અનુસૂચિ અને 25 ભાગ (22 મૂળ + 3 પેટાભાગ) નો સમાવેશ કરવામાં આવ્યો છે.

25. ભારતના બંધારણ મુજબ ભારતમાં 'નાગરિકતા' વિષય, કઈ યાદીમાં સમાવવામાં આવ્યો છે ?
(A) કેન્દ્ર/સંઘ યાદી (B) રાજ્ય યાદી
(C) સહવર્તી/સમવર્તી યાદી (D) નાગરિકતા યાદી

Ans : (A) કેન્દ્ર/સંઘ યાદી
EX : ભારતના બંધારણમાં પરિશિષ્ટ 7માં 3 યાદીઓનો સમાવેશ કરાયો છે. જેમાં કેન્દ્ર યાદી(Central List)માં 98 વિષયો, રાજ્યયાદી (State List)માં 59 વિષયો અને સમવર્તી યાદી (Con-Current List)માં 52 વિષયોનો સમાવેશ થાય છે. નાગરિકતાનો સમાવેશ કેન્દ્રયાદીમાં થાય છે. બંધારણના ભાગ–2 માં અનુચ્છેદ 5 થી 11 માં નાગરિકત્વનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

## જાહેર વહીવટ

57. ભારતમાં લોકાયુક્ત તેમજ લોકપાલ શબ્દનો ઉપયોગ કોના દ્વારા કરવામાં આવ્યો?
(A) લક્ષ્મીમલ સિંઘવી (B) મહાત્મા ગાંધી
(C) બાબાસાહેબ આંબેડકર (D) જયપ્રકાશ નારાયણ

Ans : (A) લક્ષ્મીમલ સિંઘવી
EX : લોકપાલનું પદ એ કેન્દ્ર સરકાર માટે તેમજ લોકાયુક્તનું પદ એ રાજ્ય સરકાર માટે રહેશે.
લોકપાલ ઉચ્ચ સરકારી પદાધિકારીઓ દ્વારા કરવામાં આવતા ભ્રષ્ટાચારની ફરિયાદ સાંભળવા તેમજ તેના પર કાર્યવાહી કરવા માટે નિમિત્ત પદ છે.
દુનિયામાં લોકપાલના પદનો વિચાર સૌપ્રથમ વર્ષ 1908 માં સ્વીડનની 'સ્કેન્ડેનેવિયન ઈન્સ્ટિટીયુટ ઓફ ઓમ્બડ્સમેન' નામની સંસ્થા દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

58. જાહેર વહીવટનુ પ્રાથમિક ધ્યેય શું ?
(A) પ્રજાનું કલ્યાણ કરવાનું (B) વહીવટદારોનું કલ્યાણ કરવાનું
(C) કર્મચારીઓનું કલ્યાણ કરવાનું (D) ચુંટાયેલી પાંખનું કલ્યાણ કરવાનું

Ans : (A) પ્રજાનું કલ્યાણ કરવાનું

59. ગુજરાતમાં કઈ યુનિવર્સિટીમાં સૌપ્રથમ જાહેર વહીવટનું અધ્યાપન શરૂ કરવામા આવ્યું?
(A) લો યુનિવર્સિટી (B) આંબેડકર યુનિવર્સિટી
(C) ગુજરાત યુનિવર્સિટી (D) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

Ans : (D) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
EX : વર્ષ 1970 માં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતનું પ્રથમ જાહેર વહીવટનું અધ્યાપન શરૂ કરવામાં આવ્યું. 29 માર્ચ 1954 માં પંડિત જવાહરલાલ નહેરૂ દ્વારા દિલ્હીમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં ભારતમાં પ્રથમ વખત જાહેર વહીવટનું અધ્યયન શરૂ કરવામાં આવ્યું.

60. સત્તાનું પ્રતિનિધાન હોવું એ કેવા પ્રકારની પ્રક્રિયા છે.?
(A) રાજકીય (B) વહીવટી
(C) સામાજિક (D) કાયદાકીય

Ans : (B) વહીવટી
સંગઠને કાર્ય પુરા કરવા માટે કેટલીક સત્તાઓ આપવી જરૂરી છે, કારણ કે સત્તા સંગઠનને કાયદેસરતા પ્રદાન કરે છે. ઉચ્ચ અધિકારીને તેના નીચેના અધિકારીને નિયંત્રણમાં રાખવાની કે આદેશની સત્તા ન હોય તો સંગઠનમાં શિસ્તતા અને વ્યવસ્થા જળવાતી નથી. સત્તા વિવિધ રીતે પ્રદાન થઈ શકે છે જેમ કે કાયદા દ્વારા, પરંપરા દ્વારા કે પ્રથા દ્વારા સત્તાની સોંપણી દ્વારા વગેરે. સત્તાના આધારે વહીવટીતંત્રનો સિદ્ધાંત એલ.ડી. વ્હાઈટ અને વિલોબીએ આપ્યો છે.

61. વહીવટમા અસરકારક નિર્ણય માટે શું અત્યંત જરૂરી છે.
(A) સર્વાનુમતે લેવાય (B) બહુમતી થી લેવાય
(C) અનુભવી વ્યકિત દ્વારા લેવાય (D) ગતીશીલ અને ધ્યેયપૂર્ણ હોય

Ans : (B) બહુમતી થી લેવાય

62. નીચેનામાંથી કયું કાર્ય સરકારી કર્મચારીઓનું નથી ?
(A) મંત્રીઓને સરકારી નીતીઓ બાબત સલાહ આપવી.
(B) સરકારશ્રીની નીતીઓ બાબત સલાહ આપવી.
(C) ચૂંટણીમા પ્રચારતંત્ર ગોઠવવું.
(D) સરકારશ્રીની નીતી બનાવવામા સહાયરૂપ થવું.

Ans : (C) ચૂંટણીમા પ્રચારતંત્ર ગોઠવવું.

## ભૂગોળ

63. જેસોરની ટેકરીઓ કયા સ્થળોની વચ્ચે આવેલી છે ?
(A) દાંતા અને પાલનપુર (B) બોટાદ અને ગઢડા
(C) ગાંધીનગર અને વિસનગર (D) તળાજા અને સારંગપુર

Ans : (A) દાંતા અને પાલનપુર
EX : બનાસકાંઠા જિલ્લાનું દાંતા અને પાલનપુરની વચ્ચે જેસોરની ટેકરીઓ આવેલી છે. જે અરવલ્લી પર્વતમાળાનો ભાગ છે. આ ટેકરીઓમાં ગબ્બરનો ડુંગર પણ આવેલો છે. જેમાં 51 શકિતપીઠોમાંની એક શકિતપીઠ અંબાજીનું મૂળ સ્થાન આવેલું છે. ત્યાં આરસ પહાણના પથ્થરો મળી આવે છે. તેમજ વુલેસ્ટાઈન પણ મળી આવેલ છે.

64. પાલનપુર નજીક આવેલ દાંતીવાડા ખાતે કઈ નદી ઉપર બંધ બાંધવામાં આવેલ છે ?
(A) વાત્રક (B) મહી
(C) તાપી (D) બનાસ

Ans : (D) બનાસ
EX : બનાસકાંઠા જિલ્લામાં આવેલા દાંતીવાડા ખાતે બનાસ નદી પર બંધ બાંધવામાં આવ્યો છે. બનાસ નદીનું જુનું નામ પર્ણાશા છે, ઉત્તર ગુજરાતની સૌથી લાંબી નદી, ઉદ્ગમ સ્થાન રાજસ્થાનના સિહોરી જિલ્લાના શિરણવાની ડુંગરમાંથી.

65. ગુજરાતનું પ્રસિદ્ધ 'નારાયણ સરોવર' કયાં જિલ્લામાં આવેલ છે ?
(A) કચ્છ (B) દેવભૂમિ દ્વારકા
(C) મોરબી (D) સુરેન્દ્રનગર

Ans : (A) કચ્છ
EX : ગુજરાતનું પ્રસિદ્ધ નારાયણ સરોવર કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં આવેલું છે. 68 તીર્થોમાંનું એક તીર્થ અને ભારતના 5 સરોવરોમાનું એક સરોવર છે. (હિન્દુ ધર્મના 5 પવિત્ર સરોવરોમાં માનસરોવર(તિબેટ ચીન), બિંદુ સરોવર(ગુજરાત), નારાયણ સરોવર (ગુજરાત), પુષ્કર સરોવર (રાજસ્થાન), પંપા સરોવર(હમ્પી, કર્ણાટક)નો સમાવેશ થાય છે.) નારાયણ સરોવરની પાસે "કોટેશ્વર" મહાદેવનું પ્રાચીન શિવાલય આવેલું છે. કચ્છની સરહદ પર આવેલ નારાયણ સરોવર સુરખાબ પક્ષીનું અભ્યારણ છે.

66. કચ્છ જિલ્લામાં આવેલ પાનન્ધ્રો વિસ્તારમાંથી શું મળી આવે છે?
(A) જીપ્સમ (B) લિગ્નાઈટ કોલસો
(C) ડાયનાસોરના અવશેષો (D) અશુદ્ધ લોખંડ

Ans : (B) લિગ્નાઈટ કોલસો
EX. ગુજરાતમાં સૌથી વધુ લિગ્નાઈટ કોલસો કચ્છના પાનન્ધ્રો વિસ્તારમાંથી મળી આવે છે, આ લિગ્નાઈટ કોલસાનો મુખ્ય ઉપયોગ તાપ વિદ્યુત મથકોમાં કરવામાં આવે છે.

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB) દ્વારા આયોજિત

# સિનિયર કલાર્ક

## પરીક્ષા તા. 13-8-2017

**પ્રશ્નપત્ર 4** કુલ પ્રશ્નો :- 200 કુલ ગુણ :- 200 સમય:- 2 કલાક

### ઈતિહાસ / સાંસ્કૃતિક વારસો

1. ખેડા સત્યાગ્રહ કઈ સાલમાં થયો હતો?

(A) 1920 (B) 1917

(C) 1915 (D) 1930

* નોંધ : આ પ્રશ્ન રદ થયેલ છે.

EX : વર્ષ 1917-18માં અતિવૃષ્ટિથી ખેડામાં પાકનો નાશ થવાના કારણે ખેડૂતોએ મહેસૂલી કાયદાની જોગવાઈ મુજબ (25% કરતાં ઓછો પાક થાય તો મહેસૂલ માફ કરવાની જોગવાઈ ) સરકાર પાસે મહેસૂલ માફીની માંગ કરી પરંતુ મહેસૂલ માફ કરવાને બદલે સરકારે પૂરેપૂરું મહેસૂલ ઉઘરાવવાનું નક્કી કરતા ગાંધીજીએ જ્યાં સુધી મહેસૂલમાં છૂટ ન મળે ત્યાં સુધી ખેડૂતોને મહેસૂલ ન ભરવા જણાવી 22 માર્ચ, 1918ના રોજ નડિયાદથી ખેડા સત્યાગ્રહ મોહનલાલ પંડયાના આગ્રહથી શરૂ કર્યો જે ગુજરાતનો પ્રથમ સત્યાગ્રહ હતો જ્યારે ગાંધીજીનો પ્રથમ સત્યાગ્રહ ચંપારણ સત્યાગ્રહ હતો. વર્ષ 2018માં ખેડા સત્યાગ્રહના 100 વર્ષ પૂર્ણ થયા.

2. ગાંધીજી સમાનતાના ચૂસ્ત આગ્રહી હતા, કોચરબ ખાતે તેમણે શરૂ કરેલ આશ્રમમાં સૌ પ્રથમ કયા અંત્યજ(હરિજન) પરિવારનો સમાવેશ કર્યો?

(A) દામજીભાઈ–રેવતીબહેન (B) દાનીયલભાઈ–ગંગાબહેન

(C) દૂદાભાઈ–દાનીબહેન (D) ધ્યાનચંદ –રેવાબહેન

Ans : (C) દૂદાભાઈ–દાનીબહેન

EX : ગાંધીજીએ વર્ષ 1915માં બેરિસ્ટર જીવણલાલ પાસેથી બંગલો ભાડે રાખી અમદાવાદના કોચરબ ખાતે સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી; પરંતુ અમદાવાદમાં મરકીનો રોગ ફાટી નીકળતા 17 જૂન, 1917ના રોજ પૂંજાભાઈ હીરાચંદની સહાયથી આ આશ્રમને સાબરમતી કાંઠેથી હાલના સાબરમતી આશ્રમ (હરિજન આશ્રમ) ખાતે ખસેડયો અને અશ્પૃશ્યતા નિવારવા વિઠ્ઠલદાસ ઠક્કરની ભલામણથી અંત્યજ (હરિજન) પરિવાર દુદાભાઈ, દાનીબેન અને તેમની પુત્રી લક્ષ્મીને આ આશ્રમમાં રાખ્યા.

3. ભારતમાં જિલ્લા કલેકટરની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી?

(A) લોર્ડ રીપન (B) લોર્ડ વોરન હેસ્ટીંગ્સ

(C) લોર્ડ માઉન્ટબેટન (D) લોર્ડ કલાઈવ

Ans : (D) લોર્ડ વોરન હેસ્ટીંગ્સ

EX : વર્ષ 1772માં બંગાળના ગર્વનર જનરલ વોરન હેસ્ટીંગ્સ દ્વારા ભારતમાં જિલ્લા કલેકટરની સ્થાપના કરવામાં આવી હતી. જિલ્લા કલેકટરના મુખ્ય કાર્યોમાં સામાન્ય વહીવટી કાર્યોની દેખરેખ, જમીન મહેસૂલની ઉઘરાણી અને કાનૂન વ્યવસ્થા જાળવવી વગેરેનો સમાવેશ થતો હતો.

4. પંજાબના પ્રચલિત લોકનૃત્યનું નામ જણાવો.

(A) અંકિયા નટ (B) નાથિયા

(C) કીક્કલી (D) મુંઝરા

Ans : (C) કીક્કલી

EX : લોકનૃત્ય ઔપચારિક પ્રશિક્ષણ(તાલીમ) વગર લોકો દ્વારા રજુ કરવામાં આવે છે. પંજાબના લોકનૃત્યમાં ભાંગડા, કીક્કલી, સમ્મી, ધમાન, ડફ નો સમાવેશ થાય છે. આ લોકનૃત્યને કિકલી પણ બોલાય છે. તે મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. તે અંતર્ગત બે મહિલાઓ એક–બીજાનો હાથ પકડીને, મરોડીને એક જગ્યાએ વર્તુળમાં ભ્રમણ કરે છે.

5. એક સમયના ક્રાંતિકારી અને પોંડીચેરી આશ્રમના સ્થાપક અરવિંદ ઘોષે ગુજરાતના કયા દેશીરાજ્યમાં નોકરી કરી હતી?

(A) વડોદરા (B) ગોંડલ

(C) ભાવનગર (D) જામનગર

Ans : (A) વડોદરા

EX : અરવિંદ ઘોષ ભારતીય દાર્શનિક, યોગી, ગુરૂ, કવિ અને રાષ્ટ્રવાદી નેતા હતા. વિદેશથી ભણતર પૂર્ણ કરી તેઓ ગુજરાતના વડોદરાના સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના સમયમાં મહેસૂલી અધિકારી હતા. આ ઉપરાંત તેઓ વડોદરામાં પ્રોફેસર પણ હતા, તેમણે ગુજરાતમાં સશસ્ત્રક્રાંતિની પ્રવૃત્તિમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે પોંડીચેરીમાં ઓરોબિન્ડો આશ્રમ સ્થાપ્યું હતું.

6. 1920માં ગુજરાત વિદ્યાપીઠ સૌ પ્રથમ કોના બંગલામાં શરૂ કરવામાં આવી?

(A) સર ચીનુભાઈ બેરોનેટ (B) શેઠ અંબાલાલ સારાભાઈ

(C) બેરીસ્ટર જીવણલાલ દેસાઈ (D) ડાહ્યાભાઈ મહેતા

Ans : (D) ડાહ્યાભાઈ મહેતા

EX : રાષ્ટ્રીય શિક્ષણના પ્રચાર અર્થે નવયુવાનોમાં દેશભક્તિ અને સદ્ચરિત્રના સંચાર માટે, યુવાનો ભારતની સ્વતંત્રતા યોગદાન આપે તે માટે ગાંધીજીએ અસહકારના આંદોલન વખતે 18 ઓક્ટોબર, 1920ના રોજ ડાહ્યાભાઈ મહેતાના મકાનમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. તેના પ્રથમ કુલપતિ ગાંધીજી હતા.

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

## ગુજરાતી સાહિત્ય

51. કયા સાહિત્યકારે 'પરિક્રમા નર્મદા મૈયાની' પુસ્તક દ્વારા ગુજરાતી પ્રવાસ સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે?
(A) મધુરાય (B) ધ્રુવ ભટ્ટ
(C) અમૃતલાલ વેગડ (D) રઘુવીર ચૌધરી

Ans : (C) અમૃતલાલ વેગડ
EX : અમૃતલાલ ગોવામલ વેગડનો જન્મ જબલપુર, મધ્યપ્રદેશમાં થયો હતો. તેમનું વતન કુંભારિયા (જિ.કચ્છ) હતું. તેમણે 'પરિક્રમા નર્મદા મૈયાની' પુસ્તક દ્વારા ગુજરાતી પ્રવાસ સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન આપ્યું છે.તેમની કૃતિઓમાં 'થોડું સોનું, થોડું રૂપુ', સૌંદર્યની નદી નર્મદા, નર્મદાનો પ્રવાસ, નર્મદા : રિવર ઓફ બ્યૂટી વગેરેનો સમાવેશ થાય છે.

52. નીચે આપેલ જોડકાં યોગ્ય રીતે જોડો.
(a) પ્રેમાનંદ (1) ભૂતનિબંધ
(b) શામળ (2) બરાસકસ્તૂરી
(c) કવિ દલપતરામ (3) સાક્ષરજીવન
(d) ગોવર્ધનરામ ત્રિપાઠી (4) રણયજ્ઞ
(A) b-2, a-4, c-1, d-3 (B) b-4, c-2, d-3, a-1
(C) a-3, b-2, d-1, c-4 (D) d-1, c-2, b-4, a-3

Ans : (A) b-2, a-4, c-1, d-3
પ્રેમાનંદઃ મહાકવિ તથા આખ્યાન શિરોમણી એવા પ્રેમાનંદનો જન્મ વડોદરામાં થયો હતો. તેઓ માણભટ્ટ તરીકે ઓળખાયા હતા. તેમની કૃતિઓમાં ઓખાહરણ, સુદામાચરિત્ર, કુંવરબાઈનું મામેરું વગેરેનો સમાવેશ થાય છે.
શામળ: ગુજરાતી ભાષાના પ્રથમ વાર્તાકાર તથા પદ્યવાર્તાના પિતા એવા શામળનો જન્મ અમદાવાદ ખાતે થયો હતો. તેમના સાહિત્યસર્જનમાં પદ્માવતી, સિંહાસન બત્રીસી, સૂડો બહોતેરીનો સમાવેશ થાય છે.
દલપતરામઃ કવીશ્વર, લોકહિત ચિંતક, ગુજરાતી વાણી રાણીના વકીલ એવા દલપતરામનો જન્મ વઢવાણ ખાતે થયો હતો. લક્ષ્મી, મિથ્યાભિમાન, ભૂતનિબંધ, દલપતપિંગળ તેમના સાહિત્યસર્જનો છે.
ગોવર્ધનરામ ત્રિપાઠીઃ તેમનો જન્મ નડિયાદ ખાતે થયો હતો. તેઓ પંડિતયુગના પુરોધા, સાક્ષરવર્ય, જગતસાક્ષર તરીકે જાણીતાં હતા. વર્ષ 1905માં અમદાવાદમાં યોજાયેલ પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદ અધિવેશનના પ્રથમ પ્રમુખ રહ્યાં હતાં.

53. કયા સાહિત્યકારને ગુજરાત સાહિત્ય સભાએ 'રણજિતરામ સુવર્ણપદક' આપવાની જાહેરાત કર્યા બાદ તેમણે આ પદકનો સવિનય અસ્વીકાર કર્યો હતો?
(A) ગૌરીશંકર જોષી (B) જયંત પાઠક
(C) સુરેશ દલાલ (D) સ્વામી આનંદ

Ans : (A) ગૌરીશંકર જોષી
EX : તેમનું પૂરું નામ ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી છે. તેમનો જન્મ વર્ષ 1892માં સૌરાષ્ટ્રના વિરપૂર ખાતે થયો હતો. તેઓને ધૂમકેતુ અને વિહારી ઉપનામથી ઓળખવામાં આવે છે. તેઓ ટૂંકી વાર્તા માટે જાણીતા હતા. તેમની કૃતિઓમાં ગોવિંદનું ખેતર, તણખામંડળ, મંગલદિપ, ત્રિભેટો, વિનિપાત, ચૌલાદેવી, અવંતિનાથ અને પડઘાનો સમાવેશ થાય છે.

54. કલાત્મક રીતે સાદી સરળ વાણીમાં અર્થપૂર્ણ અને માર્મિક વાતો કહેનારા ગઝલકાર મરીઝનું નામ જણાવો.
(A) અબ્દુલ અનવરહુસેન વાસી
(B) અનવર કાદીરઅલી વાસી
(C) અબ્બાસ અબ્દુલઅલી વાસી
(D) અલ્તાફ શૌકતઅલી વાસી

Ans : (C) અબ્બાસ અબ્દુલઅલી વાસી
EX : અબ્બાસ અબ્દુલઅલી વાસીનો જન્મ વર્ષ 1917માં સુરત ખાતે થયો હતો. તેમને 'ગુજરાતના ગાલિબ' અને 'ગઝલનો બેતાજ બાદશાહ' બિરુદો મળેલ છે. તેમને પ્રથમ પ્રેમાનંદ સુવર્ણચંદ્રક મળેલ છે. તેમનો પ્રથમ ગઝલ સંગ્રહ 'આગમન ' હતો.

55. લોકપ્રિય નવલકથાકાર મોહમ્મદ માંકડની કૃતિનું નામ જણાવો.
(A) અંદર દીવાદાંડી (B) કેલિડોસ્કોપ
(C) અંતરાત્મા (D) મૌનની મહેફિલ

Ans : (B) કેલિડોસ્કોપ
મોહમ્મદ વલીભાઈ માંડકનો જન્મ પાળીયાદ ખાતે થયો હતો. તેઓ ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રથમ અધ્યક્ષ હતા. તેઓ GPSC ના અધ્યક્ષ રહી ચૂકયા છે. તેમની કૃતિઓમાં કાયર, ધુમ્મસ, મોરપીંછના રંગ, કેલિડોસ્કોપ (ભાગ 1 થી 4) વગેરેનો સમાવેશ થાય છે.

56. કલકત્તામાં શેઠ જીવણલાલ (જીવનલાલ)ની પેઢીમાં નોકરી કર્યા બાદ કયા સાહિત્યકારે ગુજરાતી ભાષામાં સંવેદનશીલ અને જોમભર્યા સર્જક તરીકેની નામના મેળવી?
(A) કવિ કલાપી (B) કનૈયાલાલ મુનશી
(C) જયંતી દલાલ (D) ઝવેરચંદ મેઘાણી

Ans : (D) ઝવેરચંદ મેઘાણી
EX : ઝવેરચંદ મેઘાણીનો જન્મ 28 ઓગષ્ટ 1896ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે થયો હતો. 'રાષ્ટ્રીય શાયર', 'પહાડનું બાળક', 'સાહિત્યયાત્રી', 'કસુંબલ રંગનો ગાયક','વિરાટ', 'શાણો', 'વિલાપી', 'સોરઠી સાહિત્યકાર', 'લોકસાહિત્યનો મત મોરલો' તેમના ઉપનામ છે. તેમને વર્ષ 1928માં પ્રથમ રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો.

57. નીચે જણાવેલ કૃતિઓમાંથી કઈ કૃતિ જયંતિ દલાલની નથી?
(A) જૂજવાં (B) મૂકમ્ કરોતિ
(C) નિયતિ (D) ઉત્તરા

Ans : (C) નિયતિ
EX : જયંતિ ઘેલાભાઈ દલાલનો જન્મ વર્ષ 1909 માં અમદાવાદ ખાતે થયો હતો.તેઓ મહાગુજરાત જનતા પરિષદના મહામંત્રી બન્યા હતા. વર્ષ 1957 માં મુંબઈના ધારાસભ્ય બન્યા હતા. તેમની કૃતિઓમાં ધીમુ અને વિભા, સોયનું નાકું, પ્રવેશ, જૂજવાં, મૂકમ્ કરોતિ અને ઉત્તરા વગેરેનો સમાવેશ થાય છે. 'નિયતિ' કૃતિ દિલીપ રાણપુરા લેખક દ્વારા સર્જન કરવામાં આવી છે.

DEMO COPY

## અર્થતંત્ર

16. દેશના સાધનો દ્વારા ઉત્પન્ન થયેલ અંતિમ વસ્તુના ઉત્પાદનના નાણાંકીય મૂલ્યને કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) GDP (B) GNP
(C) NDP (D) NNP

Ans : (B) GNP
EX : કોઈ એક દેશની ઘરેલુ સીમાની બહાર તથા અંદર માત્ર નિવાસીઓ દ્વારા પ્રાપ્ત થતી આવક કે કુલ ઉત્પાદનને GNP (Gross National Product) કહે છે.

17. NEFT - National Electronic Funds Transfer માં રોકડેથી વધુમાં વધુ કેટલી રકમ ટ્રાન્સફર કરી શકાય?

(A) રૂા.50,000 (B) રૂા.1,00,000
(C) રૂા.2,00,000 (D) રૂા.5,00,000

Ans : (A) રૂા.50,000
EX : NEFT એ 24×7 ઈલેક્ટ્રોનિક ફંડસ ટ્રાન્સફર સિસ્ટમ છે જેનું સંચાલન RBI દ્વારા કરવામાં આવે છે. NEFT દ્વારા નાણાં ટ્રાન્સફર કરવાની કોઈ લઘુત્તમ કે મહત્તમ મર્યાદા નથી પરંતુ પ્રત્યેક ટ્રાન્ઝેક્શન દીઠ મહત્તમ રકમ રૂા. 50,000 સુધી મર્યાદિત છે.

18. નીચેની બાબતમાં કઈ બાબત મૂડી ગણાય?

(A) નદીનું પાણી (B) રેલગાડી
(C) નારિયેળીના વૃક્ષો (D) પર્વતની તળેટી

Ans : (B) રેલગાડી
મૂડી એટલે શું ?
અર્થવ્યવસ્થામાં, મૂડીમાં માનવસર્જિત સંપત્તિઓનો સમાવેશ થાય છે. જે આર્થિક રૂપે ઉપયોગી કાર્ય કરવા માટે વ્યક્તિની શક્તિમાં વધારો કરે છે. જેમ કે રેલગાડી માનવીય શ્રમ ઘટાડે છે અને આર્થિક ક્રિયાને વેગ આપે છે.

19. ઓછામાં ઓછું કયું શિક્ષણ મેળવ્યું હોય અને વ્યક્તિ બેરોજગાર હોય, તો તેને શિક્ષિત બેરોજગાર કહી શકાય?

(A) માધ્યમિક (B) K.G.I.
(C) પ્રાથમિક (D) ગ્રેજ્યુએટ

Ans : (A) માધ્યમિક
EX : વ્યક્તિ કૌશલ્ય ધરાવતી હોવા છતાં તેની શૈક્ષણિક લાયકાત કે યોગ્યતા મુજબ રોજગાર ન મળે તો તેને શિક્ષિત બેરોજગાર કહેવામાં આવે છે.
ભારતમાં શિક્ષિત વર્ગમાં બેરોજગારીની સમસ્યાના મુખ્ય કારણો આ મુજબ છે– દેશમાં કોલેજો, સ્કૂલો વગેરેની સંખ્યામાં વૃદ્ધિ થવાથી શિક્ષિત લોકોની સંખ્યા વધી છે. ભારતમાં શિક્ષા પ્રણાલી રોજગાર પ્રેરક જોવા મળતી નથી તથા ભારતમાં રોજગારના અવસરોમાં જોઈએ તેટલી વૃદ્ધિ થઈ શકી નથી જેટલી વૃદ્ધિ શિક્ષિત લોકોની સંખ્યામાં થઈ છે. અર્થાત શિક્ષિત લોકોની માંગ અને પુરવઠામાં અસંતુલન જોવા મળે છે.

20. કયા દેશ માટે સાપેક્ષ ગરીબીનો ખ્યાલ ઉપયોગી ગણાય?

(A) શ્રીલંકા (B) બાંગ્લાદેશ
(C) ઈથોપિયા (D) ઓસ્ટ્રેલિયા

Ans : (D) ઓસ્ટ્રેલિયા

21. આંતર–રાષ્ટ્રીય રોકાણ પરની આવક પર બન્ને દેશોમાં આવકવેરો ન ચૂકવવો પડે તે માટે 'બે દેશો વચ્ચે કરવામાં આવતા કરાર' ને ...... કહેવાય.

(A) Double Taxation Avoidance Agreement
(B) Double Income Tax Avoidance Agreement
(C) Double Excise Duty Avoidance Agreement
(D) Anti-Dumping Duty

Ans : (A) Double Taxation Avoidance Agreement
EX : આ એક સંધિ છે જે બે કે તેથી વધુ દેશો વચ્ચે કરવામાં આવે છે. જ્યારે એક દેશમાં રહેતા કરદાતાએ તેની આવક બીજા દેશમાંથી મેળવવી પડતી હોય તેવા કિસ્સામાં એક જ આવક માટે બે વાર લાગતાં કરને ટાળવા માટે આ સંધિ કરવામાં આવે છે.

22. Indian Financial System Code (IFSC) કેટલા ડીજીટનો હોય છે?

(A) 4 (B) 8
(C) 11 (D) 13

Ans : (C) 11
EX : IFSC કોડ એ બેંકની શાખાઓને આપવામાં આવતો 11 અક્ષરોનો આલ્ફા ન્યૂમેરિક કોડ છે જે ભારતમાં ઈલેક્ટ્રોનિક ચૂકવણીની પ્રવૃત્તિને સરળ બનાવવામાં મદદ કરે છે. જેમાં પ્રથમ 4 અક્ષરોમાં બેંકનું ટૂંકુ નામ, એક શૂન્ય તથા છેલ્લા 6 આકડામાં બેંક શાખા સંબંધિત માહિતી હોય છે.

23. આધુનિક અર્થવ્યવસ્થામાં અનેક પ્રવૃત્તિઓને સાંકળતી મહત્વની કડી કઈ છે?

(A) બચત (B) નાણું
(C) આવક (D) વસ્તુનું મૂલ્ય

Ans : (B) નાણું

24. આધુનિક અર્થમાં ભારતમાં ક્યારથી અંદાજપત્રનો પ્રારંભ કરવામાં આવ્યો?

(A) 1863 (B) 1861
(C) 1860 (D) 1862

Ans : (C) 1860
EX : ભારતનું પ્રથમ અંદાજપત્ર વર્ષ 1860 માં બ્રિટિશ શાસનકાળ દરમિયાન જાહેર કરવામાં આવ્યું હતું. આ અંદાજપત્ર તે સમયના નાણામંત્રી જેમ્સ વિલ્સન દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. સ્વતંત્ર ભારતનું સૌપ્રથમ બજેટ ષણમુખમ શેટ્ટી એ 26 નવેમ્બર, 1947ના રોજ બંધારણીય સભા સમક્ષ રજૂ કર્યું હતું.

25. ગરીબી રેખા એટલે .........

(A) સાપેક્ષ અસમાનતા (B) નિરપેક્ષ અસમાનતા
(C) આવકની મહત્તમ સપાટી (D) ખર્ચની મહત્તમ સપાટી

Ans : (B) નિરપેક્ષ અસમાનતા
EX : ગરીબી રેખા એટલે નિરપેક્ષ અસમાનતા. ગરીબી રેખા શબ્દનો સૌપ્રથમ પ્રયોગ વર્ષ 1870માં દાદાભાઈ નવરોજીએ કર્યો હતો.
ભારતમાં ગરીબી રેખાની ગણતરી National Sample Survey Office (NSSO) દ્વારા કરવામાં આવે છે.

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

## વિજ્ઞાન અને ટેક્નોલોજી

72. કયા એસિડને "રસાયણોનો રાજા" કહેવામાં આવે છે?
(A) હાઈડ્રોક્લોરિક એસિડ (B) સલ્ફ્યુરિક એસિડ
(C) નાઈટ્રિક એસિડ (D) એસિટિક એસિડ

Ans : (B) સલ્ફ્યુરિક એસિડ
EX : સલ્ફ્યુરિક એસિડ રસાયણોનો રાજા છે તે પ્રકૃતિમાંથી સીધો જ પ્રાપ્ત થતો નથી. તેનો પરમાણુ ભારાંક 98.079 ગ્રામ/મોલ છે. સલ્ફ્યુરિક એસિડને Oil of Vitriol તરીકે પણ ઓળખવામાં આવે છે.
સલ્ફ્યુરિક એસિડનું અણુસૂત્ર : $H_2SO_4$

73. ઈલેક્ટ્રિક જનરેટર કયા સિધ્ધાંત પર કાર્ય કરે છે?
(A) વિદ્યુત ઊર્જાનું યાંત્રિક ઊર્જામાં રૂપાંતર
(B) યાંત્રિક ઊર્જાનું વિદ્યુત ઊર્જામાં રૂપાંતર
(C) વિદ્યુત ઊર્જાનું ઉષ્મા ઊર્જામાં રૂપાંતર
(D) વિદ્યુત ઊર્જાનું પ્રકાશ ઊજામાં રૂપાંતર

Ans : (B) યાંત્રિક ઊર્જાનું વિદ્યુત ઊર્જામાં રૂપાંતર
EX : ઈલેક્ટ્રિક જનરેટર યાંત્રિક ઉર્જાનું વિદ્યુત ઉર્જામાં રૂપાંતરણ કરે છે જ્યારે ઈલેક્ટ્રિક મોટર વિદ્યુત ઉર્જાનું યાંત્રિક ઉર્જામાં રૂપાંતરણ કરે છે.

74. કુદરતી વાયુમાં કયો હાઈડ્રોકાર્બન મુખ્ય છે?
(A) મિથેન (B) ઈથેન
(C) પ્રોપેન (D) બ્યુટેન


Ans : (A) મિથેન
EX : પૃથ્વીના પેટાળમાં ડ્રિલિંગ કરતાં પેટ્રોલિયમ સાથે કુદરતી વાયુ પણ મળી આવે છે. જેમાં મુખ્ય હાઈડ્રોકાર્બન મિથેન હોય છે અને ગૌણ હાઈડ્રોકાર્બન ઈથેન, બ્યૂટેન અને પ્રોપેન વગેરે હોય છે. બાયોગેસના ઉત્પાદનમાં મિથેન મુખ્ય ઘટક છે. CNGમાં મુખ્યત્વે મિથેન હોય છે. મિથેનને 'માર્સ વાયુ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
મિથેન : $CH_4$

75. મેન્ડલે નીચે જણાવેલા છોડની જાતિમાંથી શેના પર કાર્ય કર્યુ હતું?
(A) ઝીયા મેઈઝ (B) કેશીયા ટોરા
(C) પીસમ સટાઈવમ (D) ફેસીઓ મુન્ગો

Ans : (C) પીસમ સટાઈવમ
EX : જ્હોન મેન્ડલ નામના વૈજ્ઞાનિકે આનુવંશિક લક્ષણોના અભ્યાસ માટે વટાણા (વૈજ્ઞાનિક નામ – પીસમ સટાઈવમ) પર પ્રયોગ કર્યો હતો. તેમણે જણાવ્યું કે કારકો એ આનુવંશિકતાના પાયાનો એકમ છે.

76. આહાર શ્રૃંખલાનો સાચો ક્રમ નીચે પૈકી કયો છે?
(A) ઉત્પાદકો – વિઘટકો – તૃણાહારીઓ
(B) ઉત્પાદકો – તૃણાહારીઓ – માંસાહારીઓ
(C) વિઘટકો – ઉત્પાદકો – તૃણાહારીઓ
(D) ઉત્પાદકો – તૃણાહારીઓ – વિઘટકો

Ans : (B) ઉત્પાદકો – તૃણાહારીઓ – માંસાહારીઓ
EX : આહાર શૃંખલામાં નીચે મુજબ ચાર પોષણસ્તર આવેલા છે.
- લીલી વનસ્પતિ (ઉત્પાદક) : સ્વયંપોષી
- શાકાહારી (પ્રાથમિક ઉપભોક્તા) : વિષમપોષી
- માંસાહારી (દ્વિતીય ઉપભોક્તા) : વિષમપોષી
- શીર્ષ માંસભક્ષી (તૃતીય ઉપભોક્તા) : વિષમપોષી




77. મનુષ્યના હૃદયમાં કેટલા ખંડો આવેલા છે?
(A) 2 (B) 3
(C) 4 (D) 6

Ans : (C) 4
EX : મનુષ્ય હૃદયમાં 4 ખંડો હોય છે. જેમાં ઉપરના 2 ખંડોને કર્ણકો (ડાબું કર્ણક અને જમણું કર્ણક) કહે છે. તે નાના હોય છે. નીચેના 2 ખંડોને ક્ષેપકો (ડાબું ક્ષેપક અને જમણું ક્ષેપક) કહે છે. તે મોટા હોય છે.

78. કયું અધાતુ તત્વ પ્રવાહી સ્વરૂપે હોય છે?
(A) કાર્બન (B) હાઈડ્રોજન
(C) બ્રોમિન (D) ફોસ્ફોરસ

Ans : (C) બ્રોમિન
EX : બ્રોમિન એ લાલ રંગ ધરાવતું પ્રવાહી છે જેનો સમાવેશ હેલોજન સમૂહમાં થાય છે.
સંજ્ઞા : Br
અણુક્રમાંક : 35

79. ચુંબકીય ક્ષેત્રની હાજરી કયા સાધન વડે જાણી શકાય છે?
(A) વોલ્ટમીટર (B) ગેલ્વેનોમીટર
(C) એમિટર (D) ચુંબકીય સોય

Ans : (D) ચુંબકીય સોય
EX : વોલ્ટમીટર : વિદ્યુત સ્થિતિમાનનો તફાવત માપવા.
ગેલ્વેનોમીટર : પરિપથમાં વિદ્યુતપ્રવાહની હાજરી તેમજ દિશા જાણવા.
એમિટર : વિદ્યુતપ્રવાહના માપન માટે.
ચુંબકીય સોય : ચુંબકીય ક્ષેત્રની હાજરી જાણવા.

80. કોલસાથી થતું વીજળીનું ઉત્પાદન કયા નામે ઓળખાય છે?
(A) થર્મલ ઈલેક્ટ્રીસીટી (B) હાઈડ્રો ઈલેક્ટ્રીસીટી
(C) ન્યુક્લીયર ઈલેક્ટ્રીસીટી (D) પવન ઈલેક્ટ્રીસીટી

Ans : (A) થર્મલ ઈલેક્ટ્રીસીટી
EX :

| | |
|---|---|
| કોલસા દ્વારા | થર્મલ ઈલેક્ટ્રીસીટી |
| પવનચક્કી દ્વારા | પવન ઈલેક્ટ્રીસીટી |
| નદી પર બંધ બાંધીને | હાઈડ્રો ઈલેક્ટ્રીસીટી |
| પરમાણુ પક્રિયા દ્વારા | ન્યુક્લીયર ઈલેક્ટ્રીસીટી |

DEMO COPY
VIVA UPNISHAD PUBLICATION

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB) દ્વારા આયોજિત

# મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી (ATDO)

પરીક્ષા તા. 18-12-2016

**પ્રશ્નપત્ર 6** કુલ પ્રશ્નો :- 150 કુલ ગુણ :- 150 સમય:- 2 કલાક

## ઈતિહાસ / સાંસ્કૃતિક વારસો

1. ભારતમાં આધુનિક સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો પાયો કોણે નાખ્યો?
(A) લોર્ડ મેયો (B) લોર્ડ કર્ઝન
(C) લોર્ડ રિપન (D) રોયલ કમિશન

Ans : (C) લોર્ડ રિપન
EX : વર્ષ 1862માં ગવર્નર લોર્ડ રિપને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના સિદ્ધાંતો નક્કી કર્યા. તેથી ભારતમાં સ્થાનિક સ્વરાજ્યના પિતા તરીકે લોર્ડ રિપેનને માનવામાં આવે છે. તેમના સમયમાં વર્નાક્યુલર પ્રેસ એક્ટને રદ કરવામાં આવ્યો હતો.
પ્રથમ ફેક્ટરી એક્ટ,1881 અને ભારતમાં પદ્ધતિસરની વસતીગણતરી વર્ષ 1881માં તેમણે શરૂ કરાવી હતી.
સર વિલિયમ્સ હન્ટરની અધ્યક્ષતામાં શિક્ષણપંચની નિમણૂક કરવામાં આવી હતી.

2. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના આશીર્વાદથી આરંભાયેલ 'ભારતીય વિદ્યા ભવન એજ્યુકેશનલ ટ્રસ્ટ'ના સ્થાપકનું નામ જણાવો.
(A) રમણભાઈ નીલંકઠ (B) રણજિતરામ મહેતા
(C) કનૈયાલાલ મુનશી (D) બળવંતરાય ઠાકોર

Ans : (C) કનૈયાલાલ મુનશી
EX : ભારતીય વિદ્યાભવન એજ્યુકેશનલ ટ્રસ્ટની સ્થાપના 7 નવેમ્બર, 1938ના રોજ કનૈયાલાલ મુનશી દ્વારા ગાંધીજીની મદદથી કરવામાં આવી હતી.
આ ટ્રસ્ટના અંદાજે 119 કેન્દ્ર ભારતમાં તથા 7 કેન્દ્રો વિદેશમાં આવેલા છે.

3. ગૌરવવંતા ગુજરાતી ચંદુલાલ માધવલાલ ત્રિવેદીને 1946-47 દરમ્યાન કયા રાજ્યના ગવર્નર તરીકે નીમવામાં આવ્યા હતા?
(A) કર્ણાટક (B) આંધ્ર
(C) ઓરિસ્સા (D) તામિલનાડુ

Ans : (C) ઓરિસ્સા
EX : ગૌરવવંતા ગુજરાતી ચંદુલાલ માધવલાલ ત્રિવેદીનો જન્મ 15 માર્ચ, 1980ના રોજ હાલના ખેડા જિલ્લાના કપડવંજ ખાતે થયો હતો.
તેઓએ વર્ષ 1916માં તે સમયની ICS (ઈન્ડિયન સિવિલ સર્વિસ) પરીક્ષા પાસ કરી સરકારી નોકરીએ લાગ્યા હતા.
ચંદુલાલ માધવલાલ ત્રિવેદીને ભારતમાં બ્રિટીશ રાજના અંત 1946 માં ઓડિશાના પ્રથમ ભારતીય અને છેલ્લા બ્રિટિશ નિયુક્ત ગવર્નર તરીકે નિમણૂક આપવામાં આવી હતી.
દેશના આઝાદ થયા બાદ તેઓ 1947-53 દરમિયાન પંજાબ અને 1953-57 દરમિયાન આંધ્રપ્રદેશના ગવર્નર પદે સેવા આપી હતી.

4. દાહોદ ખાતે મોગલ સામ્રાજ્યના કયા રાજાનો જન્મ થયો હતો?
(A) કુતબુદ્દીન (B) જહાંગીર
(C) અહમદશાહ (D) ઔરંગઝેબ

Ans : (D) ઔરંગઝેબ
EX : ભારતના છઠ્ઠા મુઘલ બાદશાહ ઔરંગઝેબનો જન્મ 3 નવેમ્બર, 1618ના રોજ ગુજરાતના દાહોદ ખાતે થયો હતો.
ઔરંગઝેબનું મૂળનામ મોહિજુદ્દીન મહંમદ ઔરંગઝેબ આલમગીર હતું. ઔરંગઝેબ ટોપી બનાવી અને કુરાનની નકલો વેચી પોતાનું ગુજરાન ચલાવતો શાસક હતો. તેને જિંદાપીર તરીકે પણ ઓળખવામાં આવે છે.
ઔરંગઝેબે પોતાની પત્ની દિલરાસ બાનું બેગમની યાદમાં મહારાષ્ટ્રના ઔરંગાબાદ ખાતે બિબિકા મકબરાનું નિર્માણ કરાવ્યું હતું. જેને 'દક્ષિણનો તાજમહેલ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

5. સન 1884-85 માં સૌરાષ્ટ્ર ખાતે સૌ પ્રથમ વખત શરૂ કરવામાં આવેલ શામળદાસ કોલેજની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી?
(A) મહારાજા ઉપેન્દ્રસિંહજી (B) મહારાજા તખતસિંહજી
(C) મહારાજા શામળસિંહજી (D) મહારાજા ભાવસિંહજી

Ans : (B) મહારાજા તખતસિંહજી
EX : ભાવનગરના રાજવી તખતસિંહજી ગોહિલે તેમના વિશ્વાસુ પ્રધાન શામળદાસની સ્મૃતિમાં સોરાષ્ટ્રની પ્રથમ કોલેજ 'શામળદાસ કોલેજ'ની સ્થાપના કરી. જેમાં મહાત્મા ગાંધીજીએ અભ્યાસ કર્યો હતો. તેમણે ખેડૂતો માટે ભાગબટાઈ પ્રથા રદ કરી વિઘોતી (મહેસૂલ) પ્રથા દાખલ કરી તેમજ ભાવનગર અને સુરત વચ્ચે આગબોટ સેવા પણ શરૂ કરી હતી.

6. શારદા એક્ટ કઈ બાબત સાથે સંકળાયેલ છે?
(A) લગ્નની ઉંમર વધારીને બાળલગ્ન ઉપર પ્રતિબંધ મૂકવા
(B) ઈ.સ. 1929 માં રાય સાહેબ હરવિલાસ શારદાએ આ વિધેયક રજૂ કર્યુ હતું.
(C) બાળલગ્નો અટકાવવાના હેતુથી
(D) ઉપરની બધી જ

Ans : (D) ઉપરની બધી જ
EX : શારદા એક્ટ એ બાળલગ્ન સંબંધિત કાયદો છે. જે લોર્ડ ઈરવીન દ્વારા વર્ષ 1930 માં અમલમાં આવ્યો હતો. આ કાયદા અંતર્ગત લગ્ન માટે છોકરીઓ માટે 16 વર્ષ અને છોકરાઓ માટે 18 વર્ષની ન્યૂનતમ ઉંમર નક્કી કરવામાં આવી. જેમાં વર્ષ 1978માં સંશોધન કરવામાં આવ્યું જે અંતર્ગત છોકરાઓ માટે 21 વર્ષ અને છોકરીઓ માટે 18 વર્ષની ન્યૂનતમ ઉંમર નક્કી કરવામાં આવી હતી.

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

47. 'કવિ શિરોમણી' નું માન કોને મળ્યું?
(A) નરસિંહ મહેતા (B) પ્રેમાનંદ
(C) નર્મદ (D) દલપતરામ

Ans : (B) પ્રેમાનંદ
EX : 'પ્રેમાનંદ' – વડોદરાનાં આખ્યાનકાર હતા. જેમણે ગુણવત્તા સભર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આખ્યાનો આપેલા છે. જેમ કે, 'નળાખ્યાન', 'સુદામાચરિત્ર', 'ઓખાહરણ', 'શ્રાદ્ધ' વગેરે. તેમણે 'કડવા'ને લયબદ્ધ કર્યા. તેઓને ગુજરાતી સાહિત્યના 'મહાકવિ' પણ કહેવાય છે.
તેમના નામ પરથી વડોદરામાં પ્રેમાનંદ સાહિત્યસભા આવેલી છે, જે સાહિત્યમાં ઉત્તમપ્રદાન કરનારને 'પ્રેમાનંદ સુવર્ણચંદ્રક' આપે છે.

## ગુજરાતી વ્યાકરણ

48. 'કાશીમા કાબરી પાછળ દોડયા' આપેલ વાકયને ભાવેપ્રયોગમાં પરિવર્તિત કરો.
(A) કાશીમાથી કાબરી પાછળ દોડાયું.
(B) કાશીમા દોડયા અને કાબરી દોડી.
(C) કાશીમાથી કાબરી પાછળ દોડાય છે.
(D) એક પણ વિધાન સાચું નથી.

Ans : (A) કાશીમાથી કાબરી પાછળ દોડાયું.
EX : જે વાકયમાં કર્મ ન હોય અને તેને કારણે ક્રિયાભાવની મુખ્યતા પ્રગટ થતી હોય અને કર્તા ગૌણ હોય અથવા ન હોય ત્યારે ભાવે વાકયરચના બને છે.
અહીં આપવામાં આવેલ વાકયમાં કર્તાને ત્રીજી વિભક્તિનો પ્રત્યય 'થી' લાગે અને ક્રિયાપદને 'આય' પ્રત્યય લગાડીને ભાવે પ્રયોગ કરવામાં આવ્યો છે. કાળ બદલી શકાય નહીં.

49. આપેલ શબ્દની સંધિ છૂટી પાડો : હેત્વાભાસ
(A) હેતુ + આભાસ (B) હેત્ + આભાસ
(C) હેતવ + આભાસ (D) હેત્વ + ભાસ

Ans : (A) હેતુ + આભાસ
EX : ઉ / ઊ પછી કોઈ વિજાતીય સ્વર આવે તો તેનું રૂપાંતર 'વ' માં થાય છે.

50. 'આ કુટેવ તમારે છોડી દેવાની છે' – કૃદંત ઓળખાવો.
(A) સંબંધક ભૂતકૃદંત (B) વર્તમાનકૃદંત
(C) વિધ્યર્થકૃદંત (D) ભૂતકૃદંત

Ans : (C) વિધ્યર્થકૃદંત
EX : વિધ્યર્થ કૃદંતમા 'વ' અને 'વાનુ' પ્રત્યેય જોડાયેલો હોય છે. આ કૃદંતને સામાન્ય કૃદંત તરીકે પણ ઓળખવામાં આવે છે.

51. તળપદા શબ્દો અને તેના શિષ્ટ રૂપોના વિકલ્પોમાંથી કયો વિકલ્પ બરાબર નથી?
(A) ગલઢેરા–ઝૂંપડાં (B) હકડે ઠઠ – ભરચક
(C) ફાંટ – પોટકું (D) બકાલું – શાકભાજી

Ans : (A) ગલઢેરા–ઝૂંપડાં
EX : ગલઢેરાનો અર્થ ગઢ ઉપરનું મકાન જે કાઠી–ગરાસિયાનાં મકાનો માટે શબ્દપ્રયોગ કરાય છે. પરંતુ ગલઢેરુંનો અર્થ 'વૃદ્ધ' થાય છે.

52. 'કાન તળે કાઢી નાખવું' રૂઢિપ્રયોગનો અર્થ :
(A) ઠપકો આપવો
(B) કાન વડે ધ્યાનથી સાંભળવું
(C) કાન બહેરા થઈ જવા
(D) કોઈ વાત પર લક્ષ ન આપવું

Ans : (D) કોઈ વાત પર લક્ષ ન આપવું

53. નીચે આપેલ વાકય માટે આપેલ વિકલ્પોમાંથી લેખનરૂઢિ અને ભાષા દ્રષ્ટિએ શુદ્ધ વાકય લખો.
હંમેશા શુદ્ધ ગાયનું દૂધ પીઓ.
(A) હંમેસા ગાયનું શુધ્ધ દુધ પીવો.
(B) હંમેશાં ગાયનું શુધ્દ દૂધ પીઓ.
(C) હંમેશા શુધ્ધ ગાયનું દુધ પીઓ.
(D) દરરોજ શુદ્ધ ગાયનું દૂધ પીવું.

**નોંધ : આ પ્રશ્ન રદ થયેલ છે.**

54. નીચેનામાંથી કયું ઉદાહરણ વ્યતિરેક અલંકાર છે?
(A) મેરૂ રે ડગે ને જેનાં મન નો ડગે
(B) જ્યાં ત્યાં વય બદલી સંતાય જાણે પરીઓ!
(C) ઊંઘતાને પાયે જગની જેલ.
(D) મહુડા માયા ઉતારતા યોગી જેવા લાગે છે.

Ans : (A) મેરૂ રે ડગે ને જેનાં મન નો ડગે
EX : વ્યક્તિરેક અલંકારમાં ઉપમેયને ઉપમાન કરતાં ચડિયાતું દર્શાવવામાં આવે છે. અહિંયા 'મેરુ' એટલે પર્વતનાં અર્થમાં જે ઉપનામ છે. જ્યારે 'મન' જે ઉપમેય વાચક છે. જે વાકય ગંગાસતી પાનબાઈની ભક્તિ વિશેનાં ગુણગાનને પ્રસ્તુત કરે છે.

55. શબ્દ સમૂહ માટે એક શબ્દ શોધો. –
'ચંદ્રવંશી કુરુકુળમાં જન્મેલા અર્જુનનાં પૌત્ર –'
(A) અભિમન્યુ (B) ઘટોત્કચ
(C) યદુપતિ (D) પરીક્ષિત

Ans : (D) પરીક્ષિત

56. નીચે આપેલ વાકયમાંથી 'નિપાત' શોધીને લખો.
ભૂલચૂક માફ કરશોજી
(A) માફ (B) કરશો
(C) ભૂલચૂક (D) જી

Ans : (D) જી
EX : 'જી' એ નિપાતદર્શક શબ્દ છે. જે વિનયવાચક નિપાતનું ઉદાહરણ કહે છે.

57. 'શાર્દૂલ વિક્રીડિત' છંદના ગણનું સૂત્ર દર્શાવો.
(A) ય મ ન સ ભ લ ગા (B) મ ભ ન ત ત ગા ગા
(C) મ સ જ સ ત ત ગા (D) ભ ર ભ ન ય ય ય

Ans : (C) મ સ જ સ ત ત ગા
EX : શાર્દુલવિક્રીડિત એ અક્ષરમેળ છંદ છે. જેમાં 19 અક્ષર અને 12 માં અક્ષરે યતિ આવે છે.

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

## અંગ્રેજી વ્યાકરણ

81. Use proper conjunction :
Hemant tiptoed into the room _______ he should disturb the class.
(A) lest (B) and
(C) so that (D) therefore

Ans : (A) lest

82. Change the Gender :
Stag
(A) Hind (B) Stagi
(C) Stagnant (D) Hynd

Ans : (A) Hind

83. Change into passive voice :
Who taught you grammer?
(A) By whom did you grammer?
(B) By whom were you taught grammer?
(C) By whom was you taught grammer?
(D) Who taught you grammer by?

Ans : (B) By whom were you taught grammer?

84. Put proper 'wh' pronoun in the following sentence:
This is a fine opportunity _______ should not be lost.
(A) what (B) which
(C) where (D) when

Ans : (B) which

85. Arrange the following words in 'Alphabetical order'.
(1) Fear (2) Feign
(3) Feeling (4) Feeble
(A) 1, 4, 3, 2 (B) 2, 3, 4, 1
(C) 4, 3, 2, 1 (D) 3, 2, 1, 4

Ans : (A) 1, 4, 3, 2

86. Which of the following is not a synonym of 'Grief'
(A) Sorrow (B) Pain
(C) Happiness (D) Agony

Ans : (C) Happiness (ખુશી)

87. Change the degree :
A foolish friend is worse than a wise enemy.
(A) A foolish friend is as bad as a wise enemy.
(B) A wise enemy is not so bad as a foolish friend.
(C) A wise enemy is as bad as a foolish friend.
(D) A foolish friend is not so bad as a wise enemy.

Ans : (B) A wise enemy is not so bad as a foolish friend
EX : આપેલા વાકયની ડિગ્રી CD છે તેથી તે PD બન્યું છે અને વાકય હકાર હોવાથી PD માં તે નકાર બન્યું છે. PD માં નકાર વાકયમાં so.....as વાપરવામાં આવે છે.)

88. Give plural form of : 'mouse'.
(A) mouses (B) mice
(C) mousis (D) mices

Ans : (B) mice (ઉંદરો)

89. Select single word for the following phrase :
'Occurring or coming in to existence after a person's death'
(A) Recurring (B) Posthumous
(C) Resorting (D) Resplendent

Ans : (B) Posthumous (મરણોત્તર)

90. Give a single word for :
'A person who pretends to be better than he is.'
(A) Smart (B) Traitor
(C) Clever (D) Hypocrite

Ans : (D) Hypocrite (દંભી, પાખંડી)

91. Find the correct spelling of the word for 'A military officer'
(A) Leftenant (B) Leiutenant
(C) Lieutenant (D) Lieutanent

Ans : (C) Lieutenant

92. Put questions tag:
Everyone stood up, _____?
(A) don't they? (B) doesn't he?
(C) didn't they? (D) aren't they?

Ans : (C) didn't they?
everyone નું they થાય છે અને stood એ ભૂતકાળ હોવાથી did વપરાયું છે. હકાર વાકયનું question tag નકાર બનતું હોવાથી didn't they જવાબ બનશે.

93. Give a single word for :
'A person chosen to judge and decide a disputed issue.'
(A) Lawyer (B) Plaintiff
(C) Arbitrator (D) Justice

Ans : (C) Arbitrator (લવાદી)

94. Give the first Verb form of :
bereft
(A) bereave (B) bear
(C) barefoot (D) beareve

Ans : (A) bereave (મધુર)

95. Fill in the gap.
Fossils : Creatures :: Mummies : ______
(A) Egypt (B) Human beings
(C) Animals (D) Martyrs

Ans : (B) Human beings (Fossils – અવશેષો, Creatures - જીવો, Mummies – મમી, Human beings - માનવજાતિ)
EX : Fossils એ પ્રાણીઓના મૃત થયા બાદના અવશેષો છે. Mummies એ મનુષ્યોના મૃત્યુ બાદ તેને કબરમાં રાખવામાં આવે તેને કહેવાય છે.

96. Convert in to indirect speech:
He said : 'Honesty is the best policy.'
(A) He said that honesty is the best policy.
(B) He said that honesty was the best policy.
(C) He said honesty had been the best policy.
(D) He asked me if honesty is the best policy.

Ans : (A) He said that honesty is the best policy.
(જ્યારે વાકયમાં સાંભળનાર ન હોય ત્યારે said ના અંદર કોઈ પરિવર્તન થતું નથી અને કહેવતોમાં કોઈ ફેરફાર કરવો નહિ.)

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

44. આપત્તિ સંચાલન અધિનિયમ (Disaster Management Act) કયા વર્ષથી અમલમાં મૂકાયો?
(A) 2006 (B) 2004
(C) 2007 (D) 2005

Ans : (A) 2006
EX : રાષ્ટ્રીય આપત્તિ સંચાલન અધિનિયમ, 2005 ઔપચારિક રૂપથી 27 સપ્ટેમ્બર, 2006થી લાગુ કરવામાં આવ્યો.
આ અધિનિયમ અંતર્ગત NDMAના ચેરમેન હોદની રૂએ વડાપ્રધાન હોય છે.
NDMA એ કેન્દ્રીય ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
NDMA ટોલ ફ્રી નંબર : 1078
ગુજરાત સ્ટેટ ડિજાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી એકટ 2003માં લાગુ કરવામાં આવી. આમ GSDM એ મહેસુલ વિભાગ અંતર્ગત કાર્ય કરે છે. તેમના અધ્યક્ષ હોદ્દાની રૂએ મુખ્યમંત્રી હોય છે. જ્યારે જિલ્લા કક્ષાએ તેનું નિયંત્રણ જિલ્લા કલેકટર કરે છે.

## વિજ્ઞાન અને ટેક્નોલોજી

45. અનુમસ્તિષ્ક અને સેતુ, મગજના કયા ભાગમાં આવેલું છે?
(A) અગ્ર મગજ (B) મધ્ય મગજ
(C) પશ્વ મગજ (D) એકપણ નહીં

Ans : (C) પશ્વ મગજ
EX. મગજના કુલ 3 ભાગમાં વહેચાયેલું હોય છે.
1. અગ્રમગજ : બૃહદ મસ્તિષ્ક (Cerebrum) , થેલેમસ અને હાયપોથેલેમસ થી બનેલું હોય છે.
2. મધ્યમગજ : તે ચતુષ્કાયનું બનેલું હોય છે. તેમાં દ્રષ્ટિ, શ્રાવણ અને સ્પર્શના સંવેદી કેન્દ્રો આવેલા છે.
3. પશ્વ મગજ : આમાં અનુમસ્તિષ્ક (Cerebeilum), સેતુ (Pons) અને લંબમજ્જાનો સમાવેશ થાય છે.

46. ન્યુટ્રોનના શોધકનું નામ જણાવો.
(A) થોમસન (B) ચેડવિક
(C) રૂથર ફોર્ડ (D) નિલ્સ બોહર

Ans : (B) ચેડવિક
EX. કોઈ પણ તત્વોનો નાનામાં નાનો અતિસુક્ષ્મ કણ કે જે તત્વના તમામ ગુણધર્મ ધરાવતો હોય તેને પરમાણુ કહેવામાં આવે છે.આ પરમાણુના મધ્યભાગમાં ધન વીજભારીત પ્રોટોન, વીજભાર રહીત ન્યુટ્રોન અને આસપાસની કક્ષામાં ઋણ વીજભારીત ઈલેક્ટ્રોન ભ્રમણ કરતા હોય છે.
પ્રોટોનની શોધ : રૂથરફોર્ડ
ન્યુટ્રોનની શોધ : ચેડવિક
ઈલેક્ટ્રોનની શોધ : જે.જે. થોમસન

47. ફોબોસ અને ડિમોસ કયા ગ્રહના ઉપગ્રહો છે?
(A) શનિ (B) ગુરુ
(C) યુરેનસ (D) મંગળ

Ans : (D) મંગળ
EX. મંગળ સૂર્યમંડળનો ચોથા નંબરનો ગ્રહ છે. જેને રાતો ગ્રહ (Red Planet) પણ કહે છે. તેના ફોબોસ અને ડિમોસ નામના બે ઉપગ્રહો છે. આપણા સૂર્યમંડળમાં શનિ ગ્રહ સૌથી વધુ 82 ઉપગ્રહ ધરાવે છે. મંગળગ્રહનું સંશોધન કરવા માટે વર્ષ 2014માં માર્સ મિશન મોકલવામાં આવ્યું. આ સાથે ભારત વિશ્વનો ચોથો દેશ બન્યો. આ ઘટના પરથી 'મિશન મંગલમ્' ફિલ્મ બનાવી.

48. રૂધિર જૂથના શોધક કોણ હતા?
(A) વિલાર્ડ (B) પાસ્કલ
(C) કાર્લ લેન્ડસ્ટિનર (D) મેન્ડલ

Ans : (C) કાર્લ લેન્ડસ્ટિનર
EX. કાર્લ લેન્ડસ્ટિનર દ્વારા જણાવવામાં આવ્યું કે અલગ–અલગ લોકોમાં અલગ–અલગ રકતકોશિકાઓ હોય છે.અર્થાત લોકોમાં અલગ–અલગ બ્લડગ્રુપનું લોહી વહેતું હોય છે.
બ્લડગ્રુપના મુખ્યત્વે કુલ 4 પ્રકાર (A,B,AB,O) છે. જે દરેકના પોઝીટિવ અને નેગેટિવ મળીને 8 પ્રકાર બને છે. જેમાં $O^-$ સર્વદાતા અને $AB^+$ સર્વગ્રાહી છે.

49. 'એસિડ વર્ષા' તરીકે ઓળખાતી ઘટના હવામાં રહેલા કયા પ્રદુષકને લઈને સામાન્યતઃ બનતી હોય છે?
(A) કાર્બન ડાયોકસાઈડ (B) સલ્ફર ડાયોકસાઈડ
(C) નાઈટ્રોજન ઓકસાઈડ (D) એમોનીયા

Ans : (B)&(C) સલ્ફર ડાયોકસાઈડ અને નાઈટ્રોજન ઓકસાઈડ
EX. હવામાં રહેલા સલ્ફર ડાયોકસાઈડ અને નાઈટ્રોજન ઓકસાઈડ પ્રદૂષકો વાતાવરણમાં રહેલ પાણીની બાષ્પ સાથે પ્રક્રિયા કરી સલ્ફ્યુરીક કે નાઈટ્રિક એસિડ બનાવે છે. જે વરસાદ સ્વરૂપે પૃથ્વી પર વરસે છે જેને એસિડ વર્ષા કહે છે.

50. ઈથાઈન વાયુનું ઔદ્યોગિક નામ શું છે?
(A) મિથેન (B) ઈથિન
(C) એસિટિલીન (D) માર્શ ગેસ

Ans : (C) એસિટિલીન
EX. ઈથાઈન ($CH_2 = CH_2$)

51. સૂકી હવામાં શૂન્ય ડીગ્રી ($0^0$) તાપમાને અવાજની ગતિ જણાવો.
(A) 331.49 ફૂટ/સેકન્ડ (B) 1125.38 ફૂટ/સેકન્ડ
(C) 1087 ફૂટ/સેકન્ડ (D) 1235.47 ફૂટ/સેકન્ડ

Ans : (C) 1087 ફૂટ/સેકન્ડ
EX. અવાજ (ધ્વની) એક કંપન છે જે તરંગની માફક સ્થિતિસ્થાપક માધ્યમમાં પ્રવાસ કરે છે.અવાજની ગતિ દર્શાવે છે કે આ તરંગ આપેલ સમયમાં કેટલો પ્રવાસ કરે છે.
સૂકી હવામાં શૂન્ય ડીગ્રી ($0^0$) તાપમાને અવાજની ગતિ 331.45 મીટર પ્રતિ સેકન્ડ એટલે કે 1087 ફૂટ/સેકન્ડ હોય છે. જ્યારે સૂકી હવામાં $20^0$ તાપમાને અવાજની ગતિ 333.37 મીટર પ્રતિ સેકન્ડ એટલે કે 1125 ફૂટ/સેકન્ડ હોય છે.

52. કઈ કેપ્સ્યુલનું વિઘટન શરીરમાં થયા પછી તેમાં રહેલ ઔષધની શરીર પર અસર થાય છે?
(A) PBHV (B) PHBV
(C) VHBP (D) VBPH

Ans : (B) PHBV
EX. આ કેપ્સ્યૂલ સ્પેશિયાલિટી પેકેજીંગ છે. જે જૈવ વિઘટનીય છે.
Orthopaedic Device તરીકે પણ વપરાય છે.
PHBV નું ઔદ્યોગિક નામ Biopol છે.
PHBV-: Polimer of 3- Hydroxy Butanoic Acid And 3-Hydroxypentanoic Acid.

DEMO COPY

16. પાછા ફરતા મોસમી પવનોની ઋતુ ભારતમાં કયારે હોય છે?
(A) જુલાઈ– ઓગષ્ટ (B) ઓકટોબર– નવેમ્બર
(C) જાન્યુઆરી – ફેબ્રુઆરી (D) માર્ચ – મે

Ans : (B) ઓકટોબર– નવેમ્બર
EX : પાછા ફરતા મોસમી પવનો ભાદરવી તાપ તરીકે પણ ઓળખાય છે. આ સમયે તમિલનાડુ અને આંધ્રપ્રદેશમાં સૌથી વધુ વરસાદ પડે છે. આબોહવા પ્રમાણે ભારતમાં મુખ્ય ચાર ઋતુઓ છે.
1. પાછા ફરતા મોસમોની ઋતુ – ઓકટોબરથી નવેમ્બર
2. શિયાળાની ઋતુ – ડિસેમ્બરથી ફેબ્રુઆરી 3. ઉનાળાની ઋતુ – માર્ચથી મે 4. ચોમાસાની ઋતુ – જૂનથી સપ્ટેમ્બર

## ગુજરાતી સાહિત્ય

17. નીચેનામાંથી કયું જોડકું ખોટું છે?
(A) પન્નાલાલ પટેલ – 'મળેલા જીવ' (B) ઉમાશંકર – 'નિશીથ '
(C) ગોવર્ધનરામ ત્રિપાઠી – 'સત્યના પ્રયોગો' (D) દર્શક – 'સોક્રેટીસ '

Ans : (C) ગોવર્ધનરામ ત્રિપાઠી – 'સત્યના પ્રયોગો'
EX : સત્યના પ્રયોગો ગાંધીજી દ્વારા લખવામાં આવ્યા છે. જે તેમની જીવન કથા પર આધારિત છે. ગોવર્ધનરામ ત્રિપાઠી દ્વારા ગુજરાતી સાહિત્યની સૌપ્રથમ મહાનવલકથા 'સરસ્વતી ચંદ્ર' લખવામાં આવી હતી.

18. 'મુખડાની માયા લાગી રે ' પદ કોનું છે?
(A) પ્રેમાનંદ (B) નરસિંહ
(C) મીરાં (D) વલ્લભ

Ans : (C) મીરાં
EX : મીરાબાઈનો જન્મ ઈ.સ. 1499માં રાજસ્થાનના મેડતા જિલ્લાના કુકડી ગામે થયો હતો.
મીરાબાઈના ગુરૂ રૈદાસ હતા.
પંકિતઓ : – ' મુખડાની માયા લાગી રે'
– 'અબ તો મેરા રામ નામ દુસરા ન કોઈ'
– 'હા, રે કોઈ માધવ લો'
– 'પ્રેમની પ્રેમની પ્રેમની રે મને વાગી કટારી પ્રેમની'

19. 'ઈર્શાદ' ઉપનામથી જાણીતા કવિનું નામ આપો.
(A) મનહર મોદી (B) રાજેન્દ્ર શુકલ
(C) આદિલ મન્સૂરી (D) ચિનુ મોદી

Ans : (D) ચિનુ મોદી
EX : ડૉ. ચિનુભાઈ ચંદુભાઈ મોદી 'ઈર્શાદ' ઉપરાંત 'ગરલ' ના ઉપનામથી પણ ઓળખાય છે. તેમનો જન્મ વિજાપુર (મહેસાણા)માં થયો હતો. 'તસ્બી' પ્રકારની ગઝલના સર્જક છે. તેમને 'ખારા ઝરણા' કવિતા માટે 'સાહિત્ય અકાદમી એવોર્ડ 2013' થી નવાજવામાં આવ્યા હતા.

20. 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં' – આ રચનાના કવિનું નામ જણાવો.
(A) વુણીભાઈ પુરોહીત (B) રમેશ પારેખ
(C) સુરેશ દલાલ (D) હરીન્દ્ર દવે

Ans : (D) હરીન્દ્ર દવે
EX : હરીન્દ્ર જયંતિલાલ દવેનો જન્મ 1930માં ખંભારા (કચ્છ)માં થયો હતો. ગઝલ સંગ્રહ 'હયાતી' માટે એમને દિલ્લી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર (1970) મળ્યો હતો. પંકિતઓ :– 'જયાં ચરણ રુકે ત્યાં કાશી'
– 'કાનુડાને બાંધ્યો છે હીરને દોરે'
– 'કહેવું છે કેટલુંને જરા પણ સમય નથી.'
– 'માર્ગે મળ્યા તો ઓળખાણ કરી લઈએ.'

21. નીચેનામાંથી કયું પાત્ર 'સરસ્વતીચંદ્ર' નું છે?
(A) રાજુ (B) અલકકિશોરી
(C) ચંદા (D) મૃણાલ

Ans : (B) અલકકિશોરી
EX : અલકકિશોરીનું પાત્ર સરસ્વતીચંદ્રમાં આવેલું છે. સરસ્વતીચંદ્ર મહાનવલકથા ગોર્વધનરામ ત્રિપાઠી દ્વારા લખાયેલ છે. ગુજરાતી સાહિત્યની પ્રથમ મહાનવલકથા સરસ્વતીચંદ્ર છે. સરસ્વતીચંદ્ર પરથી 'ગુણસુંદરીનો ઘરસંસાર' ગુજરાતી ચિત્રપટ વર્ષ 1972 માં આવ્યું હતું. આ મહાનવલકથામાં આવતા અન્ય પાત્રોમાં ગુણસુંદરી, બુદ્ધિધન, કુમુદસુંદરી, લક્ષ્મીનંદન અને ગુમાનનો સમાવેશ થાય છે.

## ગુજરાતી વ્યાકરણ

22. 'હણો ના પાપીને દ્વિગુણ વધશે પાપ જગનાં ' – છંદ ઓળખાવો.
(A) વસંતતિલકા (B) મંદાક્રાન્તા
(C) પૃથ્વી (D) શિખરણી

Ans : (D) શિખરણી
EX : શિખરણી છંદમાં 17 અક્ષર હોય છે. આ છંદમાં યતિ સ્થાન છઠ્ઠા અક્ષરે આવે છે. ગણ સુત્ર : ય મ ન સ ભ લ ગા

| | | | | | |
|---|---|---|---|---|---|
| હણોના | પાપીને | દ્વિગુણ | વધશે | પાપ જ | ગના |
| ∪ - - | - - - | - ∪∪ | ∪∪∪ | -∪∪ ∪ | ∪ - |
| ય | મ | ન | સ | ભ | લગા |

23. 'શોણિત' શબ્દનો અર્થ જણાવો.
(A) પુષ્ટિ (B) શોર્ય
(C) શુભ (D) રકત

Ans : (D) રકત
EX : રકત–લોહી,ખૂન

24. જેમાં હકીકતનું સીધેસીધું કથન કે નિવેદન હોય તેને કેવું વાકય કહેવાય?
(A) પ્રશ્ન વાકય (B) વિધિ વાકય
(C) વિધાન વાકય (D) ઉદ્ગાર વાકય

Ans : (C) વિધાન વાકય
EX : વાકયમાં જ્યારે હકીકતનું સીધું કથન કરવામાં આવે છે. એટલે કે નિવેદન હોય છે. ત્યારે તે વાકય હકાર કે વિધાન વાકય તરીકે ઓળખવામાં આવે છે.

25. 'બકારી' શબ્દનો અર્થ જણાવો.
(A) ઊલટીનો ઊબકો (B) બકરી
(C) બગાસું આવવું (D) ડર લાગવો

Ans : (A) ઊલટીનો ઊબકો
EX : ઉકરાંટો આવવો.

DEMO COPY

જિલ્લા પંચાયત સેવા પસંદગી મંડળ (DPSSC) દ્વારા આયોજિત

# તલાટી કમ મંત્રી (સુરત)

## પરીક્ષા તા. 06-06-2015

**પ્રશ્નપત્ર 9** કુલ પ્રશ્નો :- 100 કુલ ગુણ :- 100 સમય:- 1 કલાક

## ઈતિહાસ / સાંસ્કૃતિક વારસો

1. અકબર સાથે કયું સ્થળ સંબંધિત છે ?
   (A) ફતેહપુર સિક્રી (B) પાવાપુરી
   (C) કપિલવસ્તુ (D) કટક

Ans : (A) ફતેહપુર સિક્રી
EX : ઉત્તરપ્રદેશમાં આગ્રા જિલ્લામાં આવેલું શહેર છે. જે વર્ષ 1571 થી વર્ષ 1585 સુધી મુઘલ સામ્રાજ્યની રાજધાની હતું. જે અકબર દ્વારા સ્થાપવામાં આવેલું. ચિત્તોડ અને રણથંભોર પર વિજય મેળવ્યા પછી અકબરે તેના ગુરુ શેખ સલીમ ચિસ્તીની યાદમાં વસાવેલું. ઉપરાંત ત્યાં જોધાબાઈ મહેલ, બુલંદ દરવાજો, વિજય સ્તંભ પણ બંધાવ્યો છે. ફતેહપુર સિક્રીનો બુલંદ દરવાજો વિશ્વનો સૌથી ઊંચો દરવાજો છે. જે તેણે ગુજરાત જીતવાની યાદમાં બંધાવ્યો હતો.

2. કુશીનગર અને લુમ્બિની સ્થળ કોની સાથે સંબંધિત છે ?
   (A) મહાવીર (B) ગૌતમ બુદ્ધ
   (C) સત્યેન્દ્રનાથ (D) રવીન્દ્રનાથ ટાગોર

Ans : (B) ગૌતમ બુદ્ધ
EX : બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધનો જન્મ લુમ્બિની (કપિલવસ્તુ) નેપાળમાં થયો હતો. બિહારના ગયા ખાતે વૈશાખી પૂર્ણિમાના દિવસે પીપળાના વૃક્ષ નીચે જ્ઞાન પ્રાપ્ત થયું હતું, ઋષિવતન (સારનાથ) ખાતે પ્રથમ ઉપદેશ આપેલો જે 'ધર્મચક્ર પરિવર્તન' કહેવાય છે. ઈ.સ.પૂર્વે 483માં 80 વર્ષની ઉંમરે કુશીનારા ખાતે નિર્વાણ પામ્યા.

3. અસતો મા સદ્ગમય – કયા વેદમાંથી લેવામાં આવ્યું છે ?
   (A) ઋગ્વેદ (B) સામવેદ
   (C) યજુર્વેદ (D) અથર્વવેદ

Ans : (A) ઋગ્વેદ
EX : અસતો મા સદ્ગમયનો અર્થ 'હે ઈશ્વર ! મને કુમાર્ગથી સન્માર્ગની તરફ લઈ જા' થાય છે. જે ઋગ્વેદમાંથી લેવામાં આવ્યું છે. જે 4 વેદોમાંનો પ્રથમ વેદ છે જેની રચના ઈ.સ. પૂર્વે 1200 માં થઈ હતી જે પદ્યમાં લખાયેલો વિશ્વનો પ્રથમ ગ્રંથ છે. જેમાં 10 મંડળ અને 1028 રૂચાઓ આવેલી છે.

4. 'દાંડીકૂચ' કયા સત્યાગ્રહનો ભાગ છે ?
   (A) ચંપારણ સત્યાગ્રહ (B) બારડોલી સત્યાગ્રહ
   (C) ધરાસણા સત્યાગ્રહ (D) ખેડા સત્યાગ્રહ

Ans : (C) ધરાસણા સત્યાગ્રહ
EX : સવિનય કાનૂનભંગની ચળવળ અંતર્ગત મીઠાના ઉત્પાદન અને વેચાણ પરના સરકારના એકાધિકારને દૂર કરવા માટે મે 1930માં ધરાસણા સત્યાગ્રહ કરવામાં આવ્યો હતો. 6 એપ્રિલે દાંડીકૂચ પૂર્ણ થતાં 4 મે, 1930ના રોજ દાંડીકૂચ પૂર્ણ થયા પછી ગાંધીજીની ધરપકડ કરવામાં આવી. ધરાસણા સત્યાગ્રહની જવાબદારી અબ્બાસ તૈયબજી અને ગાંધીજીના પત્ની કસ્તૂરબાને સોંપવામાં આવી. પરંતુ અબ્બાસ તૈયબજીની ધરપકડ થતાં આ સત્યાગ્રહનું નેતૃત્વ સરોજિની નાયડુને સોંપવામાં આવ્યું. આ સત્યાગ્રહ દબાવવા માટે અંગ્રેજ અધિકારીઓ દ્વારા લાઠી અને લોખંડના પાઈપ વડે સત્યાગ્રહીઓ પર મારો ચલાવવામાં આવ્યો હતો.

5. તરણેતરનો મેળો કયા જિલ્લામાં ભરાય છે ?
   (A) સુરેન્દ્રનગર (B) રાજકોટ
   (C) અમરેલી (D) ભાવનગર

Ans : (A) સુરેન્દ્રનગર
EX : સુરેન્દ્રનગર જિલ્લાના થાન વિસ્તારમાં ભાદરવી સુદ ચોથ, પાંચમ અને છઠ્ઠના રોજ ગુજરાતમાં સૌથી મોટો લોકમેળો ત્રિનેત્રેશ્વર મહાદેવના પ્રાંગણમાં ભરાય છે. જેમાં ભરત ભરેલી છત્રીઓનું વિશેષ આકર્ષણ હોય છે. અર્જુને અહીં મત્સ્યવેધ કરીને દ્રૌપદી સ્વયંવર જીત્યો હતો. આ મેળામાં ભરવાડ યુવક–યુવતીઓ 'હુડા' નૃત્ય કરે છે. અહીં રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે 'ગ્રામીણ ઓલિમ્પિક' નું આયોજન કરવામાં આવે છે.

## બંધારણ

6. ઊંધો ઝંડો કઈ બાબતનું પ્રતીક છે ?
   (A) શાંતિ (B) ખતરો
   (C) કટોકટી (D) શોક

ANS. (C) કટોકટી
EX. કટોકટીના સમયે ભારતનો રાષ્ટ્રીય ઝંડો ઊંધો ફરકાવવામાં આવે છે. રાષ્ટ્રીય પ્રતિભાના મૃત્યુ સમયે એટલે કે રાષ્ટ્રીય શોકના દિવસે ભારતનો રાષ્ટ્રીય ઝંડો અડધી કાઠીએ ફરકાવવામાં આવે છે.

7. રાજ્યસભામાં નિમાયેલા પ્રથમ મહિલા અભિનેત્રી કોણ છે?
   (A) હેમામાલિની (B) જયા બચ્ચન
   (C) નરગિસ (D) રેખા

Ans : (C) નરગિસ
EX : નરગિસ એ 1980 થી 1981ની વચ્ચે રાજ્યસભાના સભ્ય હતા. તેઓએ 'મધર ઈન્ડિયા' નામની ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ઉપરાંત તેઓ પ્રખ્યાત અભિનેતા સુનિલ દત્તના પત્ની હતાં.

DEMO COPY

જિલ્લા પંચાયત સેવા પસંદગી મંડળ (DPSSC) દ્વારા આયોજિત

PlusKart SHOP ANY TIME
સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકો ઉપર 20 થી 40% ડિસ્કાઉન્ટ
વેબ સાઈટ www.pluskart.in
73 83 30 30 80
કુરિયર સુવિધા ઉપલબ્ધ

# જુનિયર કલાર્ક (સુરત)

પરીક્ષા તા. 19-02-2017

**પ્રશ્નપત્ર 10** કુલ પ્રશ્નો :- 100 કુલ ગુણ :- 100 સમય:- 1 કલાક

## ઈતિહાસ / સાંસ્કૃતિક વારસો

1. ઈ.સ. 1651 માં કઈ નદીને કાંઠે અંગ્રેજોએ પહેલા વહેલો વેપાર કરવાની શરૂઆત કરી ?

(A) સતલજ (B) કાવેરી
(C) હુગલી (D) નર્મદા

Ans : (C) હુગલી

EX : ઈ.સ.1613માં સર ટોમસ રો એ મુઘલ બાદશાહ જહાંગીર પાસેથી ભારતમાં વેપાર કરવાનો પરવાનો મેળવ્યો હતો. અંગ્રેજો દ્વારા કોઈ નદીને કાંઠે વેપારી મથક સ્થાપવાની શરૂઆત છેક ઈ.સ.1651માં બંગાળમાં હુગલી નદીને કિનારે વેપારી મથક સ્થાપીને કરી હતી. અંગ્રેજોએ આ ઉપરાંત કાસીમ બજાર અને ઢાકા જેવા સ્થળોએ પણ ફેકટરી સ્થાપી હતી.

2. વિજયનગરના મહાન સમ્રાટ કૃષ્ણદેવ રાય કઈ કઈ ભાષાના લેખક હતા?

(A) તેલુગુ–સંસ્કૃત (B) સંસ્કૃત–તામિલ
(C) તામિલ–મલયાલમ (D) મલયાલમ – તેલુગુ

Ans : (A) તેલુગુ–સંસ્કૃત

EX : વિજયનગર સામ્રાજ્યના તુલુવ વંશના મહાન સમ્રાટ કૃષ્ણદેવરાય તેલુગુ અને સંસ્કૃત ભાષાના લેખક હતા. તેમણે તેલુગુ ભાષામાં રાજનીતિ પરનો ગ્રંથ 'આમુકતમાલ્યદા' અને સંસ્કૃતમાં 'જાંબવતી કલ્યાનમ્', 'જ્ઞાન ચિંતામણી', 'રસમંજરી', જેવા ગ્રંથોની રચના કરી હતી.

3. કયાં ક્રાંતિવીરે 'મિત્રમેલા' નામક સંસ્થા સ્થાપી હતી?

(A) ભગતસિંહે (B) શ્યામજીકૃષ્ણ વર્માએ
(C) વિનાયક સાવરકરે (D) ચંદ્રશેખર આઝાદે

Ans : (C) વિનાયક સાવરકરે

EX : વિનાયક દામોદર સાવરકર જ્યારે પૂણેની ફર્ગ્યુસન કોલેજમાં અભ્યાસ કરતા હતા. ત્યારે તેમના ભાઈ ગણેશ સાવરકર સાથે મળી 1899 માં 'મિત્રમેલા' નામની ક્રાંતિકારી સંસ્થા સ્થાપી હતી. 1903થી આ સંસ્થા 'અભિનવ ભારત' ના નામે જાણીતી થઈ.

4. ઈ.સ. 1857 માં ભારતમાં પ્રથમ ત્રણ યુનિવર્સિટીઓ કયાં કયાં શરૂ થઈ હતી?

(A) ચેન્નાઈ, કોલકત્તા, દિલ્હી (B) કોલકત્તા, દિલ્હી, મુંબઈ
(C) દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ (D) મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા

Ans : (D) મુંબઈ ચેન્નાઈ, કોલકાતા

EX : ધ બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના બોર્ડ ઓફ કંટ્રોલના પ્રમુખ સર ચાર્લ્સ વુડે 1854માં શિક્ષણ માટેના કેટલાક સૂચનો લોર્ડ ડેલહાઉસીને મોકલ્યા જેને 1854 નો ચાર્લ્સ વુડનો ખરીતો કહેવામાં આવે છે. ચાર્લ્સ વુડના ખરીતા અંતર્ગત 1857માં લંડન યુનિવર્સિટી જેવી ત્રણ યુનિવર્સિટીઓ બોમ્બે, કલકતા અને ચેન્નાઈ ખાતે સ્થાપના કરવામાં આવી.

5. ભારતને 'જયહિંદ' નો મંત્ર કોણે આપ્યો હતો?

(A) મહાત્મા ગાંધીજીએ (B) સુભાષચંદ્ર બોઝે
(C) મોરારજી દેસાઈએ (D) મહાદેવભાઈ દેસાઈએ

Ans : (B) સુભાષચંદ્ર બોઝે

EX : બ્રિટિશ લશ્કરના અમલદાર કેપ્ટન મોહનસિંહે જાપાનના શરણે ગયેલા ભારતીય સૈનિકો સાથે મળી આઝાદ હિંદ ફોજની રચના કરી. વર્ષ 1943 માં આઝાદ હિંદ ફોજના નેતા તરીકે સુભાષચંદ્ર બોઝની વરણી કરવામાં આવી હતી. આઝાદ હિંદ ફોજના સૈનિકોનો ઉત્સાહ વધારવા માટે સુભાષચંદ્ર બોઝે 'ચલો દિલ્હી', 'જય હિંદ', 'તુમ મુઝે ખૂન દો મૈં તુમ્હે આઝાદી દૂંગા' જેવા સૂત્રો આપ્યા હતા.

6. પ્લાસીનું યુદ્ધ કયારે લડાયું હતું?

(A) 25-07-1757 (B) 27-08-1757
(C) 29-09-1757 (D) 23-06-1757

Ans : (D) 23-06-1757

EX : પ્લાસીનું યુદ્ધ 23 મી જૂન, 1757 ના રોજ પ્લાસીના મેદાનમાં બંગાળના નવાબ સિરાજ–ઉદ્–દૌલા અને અંગ્રેજો તરફથી રોબર્ટ કલાઈવ વચ્ચે થયું હતું. રોબર્ટ કલાઈવ દ્વારા નવાબના વિશ્વાસુ સેનાપતિ મિરજાફર, વેપારી માણેકચંદ, અમીચંદ, જગતશેઠ અને ખાદીમખાનને લાલચ આપી પોતાની તરફ કરી લીધા. યુદ્ધ સમયે સેનાપતિ મિરજાફર અને અન્ય વિરોધીઓ નિષ્ક્રીય રહેતા સિરાજ–ઉદ્–દૌલાની હાર થઈ અને બંગાળનો નવો નવાબ મિરજાફરને બનાવવામાં આવ્યો.

7. સ્તૂપના અંડાકાર ભાગની ટોચની ચારે બાજુએ આવેલી રેલીંગ (વાડી)ને શું કહે છે?

(A) શર્મિકા (B) ધર્મિકા
(C) હર્મિકા (D) બર્મિકા

Ans : (C) હર્મિકા

EX : ભગવાન બૃદ્ધના મૃત્યુ બાદ તેમના અવશેષો 8 સ્તુપોમાં રાખવામાં આવ્યા છે. સ્તુપની ચારે બાજુ રચાયેલ ગોળાકાર રસ્તો 'મેધી' તથા સ્તુપના અંડાકાર ભાગની ટોચની ચારે બાજુએ આવેલ રેલિંગ 'હર્મિકા' અને તેનો પ્રવેશદ્વાર 'તોરણ' ના નામે ઓળખાય છે.

DEMO COPY
YUVA UPADHYAY PUBLICATION

79. Past tense of 'Stand'.
(A) Standing (B) Standard
(C) Standed (D) Stood

Ans : (D) Stood
EX : Stand ક્રિયાપદનું Past Form એટલે ભુતકાળનું રૂપ 'Stand' થાય છે માટે option- D- Stood સાચો ઉત્તર છે.

80. 'He is as fat as me.' - Find the adjective.
(A) as fat as (B) as me
(C) fat (D) He is

Ans : (C) fat
EX : ઉપરોક્ત વાકયમાં "Fat" વિશેષણ છે. માટે સાચો જવાબ Option (C) આવશે.

81. Shri Vijay Rupani is the CM of Gujarat, .................... government is in power.
(A) whose (B) whom
(C) which (D) who

Ans : (A) whose
EX : કે જેમની સરકાર (government) માટે આપેલા option માંથી option- A- Whose સાચો ઉત્તર છે.

## ગણિત / તાર્કિક કસોટી

82. એક સંખ્યાને 10% વધારવામાં આવે છે, અને પછી 10% ઘટાડવામાં આવે તો તે સંખ્યામાં
(A) 1% વધે (B) 1% ઓછી થાય
(C) 0.1% વધે (D) કોઈ ફેર ના પડે

Ans : (B) 1% ઓછી થાય
EX : એક સંખ્યાને 10% વધારવામાં આવે છે, અને પછી 10% ઘટાડવામાં આવે તો તે સંખ્યા

$$\left(+10-10+\frac{(+10)(-10)}{100}\right)$$

$$=\left(\frac{-100}{100}\right)$$

= **1% ઘટે**

83. એક ટન કાગળ બનાવવા માટે આશરે કેટલા હજાર લીટર પાણી વપરાય છે?
(A) 30 (B) 35
(C) 40 (D) 25

Ans : (A) 30

84. એક સમચોરસની સામસામેની બાજુ 40% અને 30% વધારવામાં આવે છે, તો બનતા લંબચોરસનું ક્ષેત્રફળ ચોરસ ક્ષેત્રફળ કરતાં કેટલા ગણું વધશે?
(A) 82% (B) 72%
(C) 42% (D) 62%

Ans : (A) 82%
EX : એક સમચોરસની સામસામેની બાજુ 40% અને 30% વધારવામાં આવે.
આપેલી બાજુ 100 x 100 = 10,000 ચોરસ ક્ષેત્રફળ
વધારા મુજબ 140 x 130 = 18,200
100 = 182
**82% વધુ ક્ષેત્રફળ થાય**

85. 3 વર્ષ પહેલા પિતા અને પુત્રની ઉમરનો સરવાળો 40 વર્ષ હતી. 6 વર્ષ પછી તેમની ઉમરનો સરવાળો .......... થશે.
(A) 58 (B) 49
(C) 60 (D) 54

Ans : (A) 58
EX :
-3 ________2 માણસ________+6
તફાવત -3 to 6 = 9
3 વર્ષ પહેલાની ઉમરનો સરવાળો 40 છે.
9 વર્ષમાં ઉમર વધે 9 x 2 = 18
∴ કુલ ઉમર 6 વર્ષ પછી = 40+18 = **58 વર્ષ**

86. (a, b) નો ગુ. સા. અ. 18 છે, તો લ.સા.અ. ..................... શકય નથી.
(A) 72 (B) 48
(C) 108 (D) 36

Ans : (B) 48
EX :
(a, b) નો ગુ. સા. અ. 18 છે, તો લ.સા.અ. ......... શકય નથી.
<u>**48**</u> કારણ કે ગુ.સા.અ. એ લ.સા.અ.નો અવયવ હોવો જોઈએ.

87. $\frac{0.2\times 0.2+0.8\times 0.8+2\times 0.16}{0.2+0.8}=?$
(A) 0.8 (B) 1.0
(C) 0 (D) 0.2

Ans : (B) 1.0
EX :


$$\frac{0.2\times 0.2+0.8\times 0.8+2\times 0.16}{0.2+0.8}$$

$$\frac{(0.2+0.8)^2}{0.2+0.8}$$

= 0.2 + 0.8 =1

88. 8 ત્રિજયાવાળા અર્ધવર્તુળમાં અંતર્ગત મહત્તમ ત્રિકોણનું ક્ષેત્રફળ ............છે.
(A) 256 (B) 64
(C) 512 (D) 16

Ans : (B) 64
EX :




તેથી h = 8 b = 16

$$\text{ક્ષેત્રફળ} = \frac{1}{2}\times b\times h$$

$$= \frac{1}{2}\times 8\times 16$$

$$= 64$$

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

88. ભારતમાં બનેલ સર્વપ્રથમ કોમ્પ્યુટર –

(A) સિધ્ધાર્થ (B) પરમ

(C) મેઘા (D) સાઈબર

Ans : (A) સિધ્ધાર્થ

EX : ભારતમાં બનેલ પ્રથમ કમ્પ્યુટર સિધ્ધાર્થ છે. જે ઈલેક્ટ્રોનિક કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા 16 ઓગસ્ટ, 1986 ના રોજ બેંગ્લોરની મુખ્ય પોસ્ટ ઓફિસમાં મુકવામાં આવ્યું હતું. પરંતુ ભારતમાં બનેલ પ્રથમ સુપરકમ્પ્યુટર પરમ છે. જે C-DAC (સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કોમ્પ્યુટિંગ) દ્વારા 1991 માં પુનામાં બનાવવામાં આવ્યું હતું.

## રમત - ગમત

89. રાજીવગાંધી ખેલરત્ન એવોર્ડ 2011 માં નીચેનામાંથી કયા ખેલાડીને એનાયત થયો હતો?

(A) રાજપાલસિંગ (B) ઝાહિરખાન

(C) ગગન નારંગ (D) જવાલા ગુટા

Ans : (C) ગગન નારંગ

EX : રાજીવગાંધી ખેલરત્ન એવોર્ડ યુવા અને રમતગમત મંત્રાલય તરફથી વર્ષ 1991 થી રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન આપનારને આપવામાં આવે છે. જે રમત ગમત ક્ષેત્રે ભારતનો સર્વોચ્ચ એવોર્ડ છે. આ એવોર્ડ વર્ષ 1991માં પ્રથમ વખત ચેસ ખેલાડી વિશ્વનાથન આનંદને મળ્યો હતો. આ એવોર્ડ મેળવનાર પ્રથમ મહિલા ખેલાડી કર્ણમ્ મલ્લેશ્વરી (1994) (વેઈટ લિફ્ટીંગ) છે. ગુજરાતના બિલિયર્ડ ખેલાડી ગીતશેઠીનેવર્ષ 1992-93 માં આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ વર્ષ 2011 માં શૂટિંગ ખેલાડી ગગન નારંગને તથા વર્ષ 2017 માં પેરા–એથ્લીટ ખેલાડી દેવેન્દ્ર ઝાઝરિયા અને ભારતીય હોકી ટીમના કેપ્ટન સરદારાસિંઘને મળ્યો છે.

નોંધ : રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ વર્ષ 2020

| એવોર્ડ વિજેતાનું નામ | રમત |
|---|---|
| રોહિત શર્મા | ક્રિકેટ |
| વિનેશ ફોગટ | રેસલિંગ |
| મનીકા બત્રા | ટેબલ ટેનિસ |
| મરીયપ્પન થંગાવેલુ | પેરા એથ્લેટ |

90. વિશ્વનો કયો ખેલાડી 'હોકીના જાદુગર' તરીકે ઓળખાય છે ?

(A) બલવિરસિંઘ (B) ધ્યાનચંદ

(C) અજમેરસિંઘ (D) પરગટસિંઘ

Ans : (B) ધ્યાનચંદ

EX : ભારતીય હોકી ખેલાડી મેજર ધ્યાનચંદને 'હોકીના જાદુગર' તરીકે ઓળખવામાં આવે છે. તેમના જન્મદિવસ 29 ઓગષ્ટને રાષ્ટ્રીય રમતગમત દિવસ તરીકે મનાવવામાં આવે છે. તેમની આત્મકથાનું નામ 'ગોલ' છે. તેમના નામ પરથી વર્ષ 2002 થી રમત ગમત ક્ષેત્રે 'ધ્યાનચંદ એવોર્ડ' આપવામાં આવે છે.

91. વીર ધવલ ખેડેને 2011 માં અર્જુન એવોર્ડ કઈ રમત માટે એનાયત કરેલો હતો?

(A) હોકી (B) ફૂટબોલ

(C) એથ્લેટિક્સ (D) સ્વિમિંગ

Ans : (D) સ્વિમિંગ

EX : અર્જુન એવોર્ડ યુવા અને રમત–ગમત મંત્રાલય દ્વારા વર્ષ 1961 થી રમત ગમત ક્ષેત્રે શ્રેષ્ઠ દેખાવ બદલ આપવામાં આવે છે.

વીર ધવલ ખેડે (કોલ્હાપુર, મહારાષ્ટ્ર)ને વર્ષ 2011માં અર્જુન એવોર્ડ–સ્વિમિંગ (ફ્રી સ્ટાઈલ અને બટર ફલાઈ) માટે આપવામાં આવ્યો છે. તેઓ વીર તરીકે જાણીતા છે. તેમને એશિયન ગેમ્સમાં 2010 માં 50 મી. બટરફલાઈમાં કાસ્યચંદ્રક મળ્યો હતો.

નોંધ : વર્ષ 2020માં 27 ખેલાડીઓને આ એવોર્ડ આપવામાં આવ્યો છે.

## વર્તમાન પ્રવાહ

92. ભારતનો સૌથી મોટો સોલર–પ્લાન્ટ કયાં આવેલ છે?

(A) જોધપુર (B) માધોપુર

(C) સુરત (D) પાટણ

*[Ref.: S.S. Std.10, Page no: 115(OLD GCERT)]* (B)

Ans : (B) માધોપુર

EX : ભારતમાં સૌથી મોટા 5,000 ચો.મી. નો સોલર પ્લાન્ટ ભૂજ પાસે માધોપુર ગામમાં દરિયાનાં ખારા પાણીને ડિસેલિનેશન કરવા માટે (મીઠું પાણી બનાવવા) સ્થાપવામાં આવ્યો છે.

નોંધ :– એશિયાનો સૌથી મોટો ' સોલર પાર્ક' પાટણ જિલ્લાના ચારણકા ગામમાં આવેલ છે. જે 'સૂર્યતીર્થ' તરીકે ઓળખાય છે.

જેનો ઉપયોગ સૌર ઊર્જાની મદદથી વિજળી ઉત્પન્ન કરવા માટે થાય છે.

93. સ્ટીવ જોબ્સ કમ્પ્યૂટરની કઈ કંપની સાથે જોડાયેલ હતા?

(A) ઓરેકલ (B) ટાટા કન્સ્લટન્સી સર્વિસ

(C) માઈક્રોસોફ્ટ (D) એપલ

Ans : (D) એપલ

EX : સ્ટીવ જોબ્સ એપલ કંપનીના સહસંસ્થાપક છે. એપલની સ્થાપના 1 એપ્રિલ, 1976 ના રોજ થઈ હતી. તેનું વડુમથક અમેરિકાના કેલિફોર્નિયા ખાતે આવેલું છે.

DEMO COPY

50. ભારતના બંધારણની કલમ 143 સત્તા આપે છે:

(A) રાષ્ટ્રપતિ સુપ્રીમ કોર્ટની સલાહ લેવા માટે

(B) પ્રધાનમંત્રીને સુપ્રીમ કોર્ટની સલાહ લેવા માટે

(C) એટર્ની જનરલને સુપ્રીમ કોર્ટની સલાહ લેવા માટે

(D) લોકસભાના અધ્યક્ષને સુપ્રીમ કોર્ટની સલાહ લેવા માટે

Ans : (A) રાષ્ટ્રપતિ સુપ્રીમ કોર્ટની સલાહ લેવા માટે

EX : અનુચ્છેદ 142 મુજબ રાષ્ટ્રપતિ સલાહ માંગે તો સર્વોચ્ચ ન્યાયાલય સલાહ આપે છે, જો કે સર્વોચ્ચ ન્યાયાલય આ સલાહ આપવા ના પણ પાડી શકે છે. વળી , રાષ્ટ્રપતિ સર્વોચ્ચ ન્યાયાલયની સલાહો માનવા બંધાયલી નથી.

51. નીચેના વિધાનો ધ્યાનમાં લો.

1. રાજ્યપાલ સંબંધિત રાજ્યની વિધાનસભાના સભ્ય છે.

2. રાષ્ટ્રપતિની સંમતિથી રાજ્યપાલ સત્તા સંભાળે છે.

3. રાજ્યપાલ લોકસભાના સભ્ય છે.

ઉપરોક્ત વિધાનોમાંથી કયા સાચા છે?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 (D) ફક્ત 2

Ans : (A) ફક્ત 2

EX : રાજ્યપાલ રાષ્ટ્રપતિને ઈચ્છા હોય ત્યાં સુધી પદ પર રહી શકે છે. તેઓ 5 વર્ષ પહેલા પણ રાષ્ટ્રપતિને સંબોધીને પોતાનું રાજીનામું આપી શકે છે. સામાન્ય રીતે તેમનો કાર્યકાળ 5 વર્ષનો હોય છે.

## જાહેર વહીવટ

52. વૈજ્ઞાનિક વ્યવસ્થાપન થીયરી (સાયન્ટીફીક મેનેજમેન્ટ થીયરી) ____ માટે પ્રયાસ કરે છે.

(A) કામદારો સાથે ચર્ચા દ્વારા સંસ્થાકીય સમસ્યાઓના ઉકેલો શોધવા.

(B) મજૂર કલ્યાણ પર ધ્યાન કેન્દ્રિત કરીને મજૂરોની સહભાગિતા વધારવા.

(C) માણસોની જગ્યાએ મશીનો રાખીને કાર્યક્ષમતામાં વધારવા.

(D) સસ્તી કિંમતે કામ કરવા માટેની શ્રેષ્ઠ પધ્ધતિઓ શોધવા.

Ans : (D) સસ્તી કિંમતે કામ કરવા માટેની શ્રેષ્ઠ પધ્ધતિઓ શોધવા.

EX : ફ્રેડરિક ડબલ્યુ. ટેલરએ વર્ષ 1909માં 'સાયન્ટીફીક મેનેજમેન્ટના સિદ્ધાંતો ' પ્રકાશિત કર્યા જેમાં તેમણે નોકરીઓને ઓપ્ટીમાઈઝ અને સરળ બનાવી ઉત્પાદકતા વધશે એવું જણાવ્યું.

53. સૌપ્રથમ 'બ્યુરોક્રેસી' (અમલદારશાહી) શબ્દ કોણે શોધ્યો હતો ?

(A) થોમસ કાર્લાઈલ (B) વિન્સેન્ટ ડી ગોર્નેય

(C) મેકસ વેબર (D) મોહિત ભટ્ટાચાર્ય

Ans : (B) વિન્સેન્ટ ડી ગોર્નેય

EX : 18મી સદીના મધ્યમાં ફ્રેન્ચ તત્વચિંતક વિન્સેન્ટ ડી ગોર્નોય દ્વારા અમલદારશાહી શબ્દ ફ્રેન્ચ બ્યુરોમાંથી લેવામાં આવ્યો છે.

54. હોથ્રોન પ્રયોગો (1924-1932) એ સંસ્થાઓના એક નવા સિધ્ધાંતને જન્મ આપ્યો, જેને ____ કહેવાય છે.

(A) માનવ સંબંધોના સિધ્ધાંત (ધ હ્યુમન રીલેશન થીયરી)

(B) વર્તણૂકલક્ષી સિધ્ધાંત (ધ બિહેવિયરલ થીયરી)

(C) વૈજ્ઞાનિક વ્યવસ્થાપન સિધ્ધાંત (ધ સાયન્ટીફીક મેનેજમેન્ટ થીયરી)

(D) પદ્ધતિ સિધ્ધાંત (ધ સિસ્ટમ થીયરી)

Ans : (A) માનવ સંબંધોના સિધ્ધાંત (ધ હ્યુમન રીલેશન થીયરી)

EX : 1924 થી 1932 સમય દરમિયાન એલ્ટન મેયો દ્વારા હોથ્રોન કારખાનામાં , સંગઠનમાં માનવ સંબંધનો અભ્યાસ કરાયો હોવાથી હોથ્રોન પ્રયોગ સાથે એલ્ટન મેયોનું નામ જોડાયેલું છે.

55. માનવ સંબંધ સિધ્ધાંત (ધ હ્યુમન રીલેશન થીયરી) શેનું સમર્થન કરે છે?

(A) કામદારો દ્વારા મેનેજમેન્ટ

(B) કામદારોની કામગીરીની પરિસ્થિતિઓના અનુસંધાને નિર્ણય લેવામાં કામદારોની સહભાગિતા

(C) કામદારોની કામગીરીના કલાકોના અનુસંધાને નિર્ણય લેતા કામદારોની સહભાગિતા

(D) વહીવટના તમામ પાસાંઓમાં નિર્ણય લેવા માટે કામદારોની સહભાગિતા

Ans : (B) કામદારોની કામગીરીની પરિસ્થિતિઓના અનુસંધાને નિર્ણય લેવામાં કામદારોની સહભાગિતા

EX : માનવીય સંબંધ સિદ્ધાંત મુજબ સંગઠન માટે કર્મચારીઓની શારીરિક, ભૌતિક ,માનસિક, આર્થિક અને સામાજિક સ્થિતિ પણ જવાબદાર છે.

56. સિસ્ટમ થીયરીમાં વહીવટને એક સિસ્ટમ તરીકે વર્ણવવામાં આવે છે જેમાં સામેલ છે :

(A) માનવ સંબંધો (ધ હ્યુમન રીલેશન)

(B) સબ–સિસ્ટમ્સ, લોકો, માળખું, ક્રિયા અને પ્રતિક્રિયાઓ

(C) સહભાગી સંચાલન

(D) રાજકીય નેતૃત્વ, વહીવટી સત્તા અને કાર્યકરો

Ans : (B) સબ–સિસ્ટમ્સ, લોકો, માળખું, ક્રિયા અને પ્રતિક્રિયાઓ

EX : સિસ્ટમ થીયરીમાં વહીવટને એક સિસ્ટમ તરીકે વર્ણવવામાં આવે છે. જેમાં સબ–સિસ્ટમ, લોકો, માળખું, ક્રિયા અને પ્રતિક્રિયાઓ વગેરે સામેલ છે.

57. નીચેનામાંથી કયો આધુનિક સંસ્થાકીય સિધ્ધાંત (મોડર્ન ઓર્ગેનાઈઝેશન થીયરી)ગણાય છે ?

(A) વર્તણૂકલક્ષી સિધ્ધાંત (ધ બિહેવિયરલ થીયરી)

(B) વૈજ્ઞાનિક વ્યવસ્થાપન સિધ્ધાંત (ધ સાયન્ટીફીક મેનેજમેન્ટ થીયરી)

(C) પદ્ધતિ સિધ્ધાંત (ધ સિસ્ટમ થીયરી)

(D) માનવ સંબંધ સિધ્ધાંત (ધ હ્યુમન રીલેશન થીયરી)

Ans : (C) પદ્ધતિ સિધ્ધાંત (ધ સિસ્ટમ થીયરી)

EX : પદ્ધતિ સિદ્ધાંત (ધ સિસ્ટમ થીયરી) એ આધુનિક સંસ્થાકીય સિદ્ધાંત ગણાય છે. આ દ્રષ્ટિકોણ જાહેર વહીવટના ક્ષેત્ર હેઠળ આવતા વિવિધ સંગઠનો ઉપર નિયંત્રણનો અભ્યાસ થવો જોઈએ તેવું દર્શાવે છે. જેમ કે, કેન્દ્ર સરકારનું રાજ્ય સરકાર પર નિયંત્રણ, રાજ્ય સરકારનું સ્થાનિક સરકારો પર નિયંત્રણ વગેરે.

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

## ભૂગોળ

7. આપણા દેશની રાષ્ટ્રીય વનનીતિ અનુસાર દેશની કુલ ભૂમિ ભાગના કેટલા વિસ્તારમાં જંગલો હોવા આવશ્યક છે?
   (A) 25% (B) 33%
   (C) 50% (D) 66%

Ans : (B) 33%
EX : સૌ પ્રથમ વનનીતિ 1894માં ઘડવામાં આવી હતી. ત્યારબાદ 1955 અને 1988માં સુધારા કરવામાં આવ્યા હતા. વનનીતિ 1952 પ્રમાણે દેશના 33% જમીન પર જંગલો હોવાનું ભલામણ કરવામાં આવી હતી. 1988માં આવેલ વનનીતિ અનુસાર પર્યાવરણ અને પારિસ્થિતિક તંત્રની સ્થિરતા વધારવા પર પ્રોત્સાહન અને પર્યાવરણ રક્ષણ પર ધ્યાન આપવા પર ભાર મુકાયો.
ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ– 2019 મુજબ કુલ વન અને વૃક્ષ કવર દેશના કુલ ભૌગોલિક ક્ષેત્રના 24.56% છે.
ક્ષેત્રફળની દ્રષ્ટિએ દેશમાં સૌથી વધુ જંગલ વિસ્તાર મધ્યપ્રદેશ અને ટકાવારીને દ્રષ્ટિએ મિઝોરમ(85.41%) ધરાવે છે.

8. પૃથ્વીને કુલ કેટલા કટિબંધોમાં વહેંચવામાં આવેલ છે?
   (A) ત્રણ (B) ચાર
   (C) પાંચ (D) છ

Ans : (A) ત્રણ
EX : પૃથ્વીને ત્રણ કટિબંધોમાં વહેંચવામાં આવી છે.
1. ઉષ્ણકટિબંધ (0° થી 23.5° ઉત્તર–દક્ષિણ અક્ષાંશ)
2. શીતોષ્ણકટિબંધ (23.5° થી 66.5° ઉત્તર–દક્ષિણ અક્ષાંશ)
3. શીતકટિબંધ (66.5° થી 90° ઉત્તર–દક્ષિણ અક્ષાંશ)

9. વિશ્વની સૌથી લાંબી નદી કઈ છે?
   (A) નાઈલ (B) યાંગત્સે
   (C) મિસિસિપી (D) એમેઝોન

Ans : (A) નાઈલ
EX : વિશ્વની સૌથી લાંબી નદી નાઈલ આફ્રિકા ખંડમાં આવેલી છે. જે આફ્રિકા ખંડના બુરુંડીથી ઈજિપ્ત સુધી 11 દેશોમાંથી પસાર થાય છે. નાઈલ નદી ઈજિપ્ત પાસે ભૂમધ્ય સાગર (Mediterranean Sea) માં મળે છે. નાઈલ નદીની લંબાઈ આશરે 6650 કિલોમીટર છે.

10. પૃથ્વીની સપાટીને વીંટળાઈને આવેલા વાતાવરણના પ્રથમ આવરણનું નામ શું છે?
   (A) સમતાપઆવરણ (B) આયનાવરણ
   (C) મધ્યાવરણ (D) ક્ષોભાવરણ

Ans : (D) ક્ષોભાવરણ
EX : વાતાવરણમાં પૃથ્વીની સપાટીથી અનુક્રમે ક્ષોભાવરણ, સમતાપઆવરણ, મધ્યાવરણ, ઉષ્માવરણ અને બાહ્યઆવરણનો સમાવેશ થાય છે. ક્ષોભાવરણ એ પૃથ્વીની સપાટીથી આશરે 18 કિલોમીટર સુધી પ્રસરેલ હોય છે. જે વાતાવરણના આશરે 75% જેટલું દ્રવ્ય ધરાવે છે તથા 99% જેટલી વરાળ ધરાવે છે.

11. ઘનાવરણ પૃથ્વી સપાટીનો કેટલા ટકા ભાગ રોકે છે?
   (A) 8 થી 16% (B) 29%
   (C) 36 થી 42% (D) 71%

Ans : (B) 29%
EX : પૃથ્વી સપાટી પર લગભગ 71% નો ભાગ મોટા મહાસાગરો, સમુદ્રો અને જલીય પ્રદેશોથી ઘેરાયેલો છે. તેથી બાકીના 29% પર જમીન છે જે પૃથ્વીનું ઘનાવરણ છે. જેમાં 7 ખંડો આવેલા છે.

12. કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલો છે?
   (A) ઉત્તરપ્રદેશ (B) છત્રીસગઢ
   (C) મધ્યપ્રદેશ (D) ઝારખંડ

Ans : (C) મધ્યપ્રદેશ
EX : કાન્હા નેશનલ પાર્ક સાતપૂડાની મૈકલ પર્વતમાળામાં સ્થિત મધ્યપ્રદેશના મંડલા અને બાલાઘાટ જિલ્લામાં આવેલ છે. તે મધ્યપ્રદેશનું સૌથી મોટું નેશનલ પાર્ક છે. આ ઉપરાંત તે એક ટાઈગર રિઝર્વ પણ છે. આ નેશનલ પાર્ક વાઘ ઉપરાંત બારાસિંઘા, ભારતીય દીપડો, સ્લોથ બેર, જંગલી કૂતરા વગેરે માટે.

13. ઈન્ટરનેશનલ યુનીયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN) સંસ્થાની રેડ લીસ્ટ યાદીમાં ગુજરાતના સિંહને કઈ કક્ષામાં મુકવામાં આવેલ છે?
   (A) ભયના આરે (B) વિનાશના આરે
   (C) ઓછા ભય હેઠળ પણ સંકટ નજીક (D) પ્રતિકૂળ અસરપાત્ર

Ans : (D) ભયના આરે
EX : IUCN (International Union for Conservation of Nature) દ્વારા પ્રાણીઓને તેમની સંખ્યાના આધારે તથા લુપ્તતાના ભયના આધારે વિવિધ 9 ભાગમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં ગુજરાતના સિંહને ભયના આરે (Endangered) ભાગમાં મૂકવામાં આવ્યો છે. એશિયામાં ફકત ગુજરાતમાં ગીરના જંગલોમાં જ સિંહ જોવા મળે છે.

14. વનોના સંરક્ષણ–સંવર્ધન માટે વૈશ્વિક લોકજાગૃતિ લાવવાના હેતુથી કયા વર્ષને 'વિશ્વ વન વર્ષ' તરીકે ઘોષિત કરવામાં આવ્યું હતું?
   (A) 2010 (B) 2011
   (C) 2012 (D) 2013

Ans : (B) 2011
EX : વનોના સંરક્ષણ, સંવર્ધન અને સમાવેશી વિકાસનો વૈશ્વિક લોકજાગૃતિના હેતુ સાથે વૈશ્વિક સંસ્થા યુનાઈટેડ નેશન્સ (યુએન) દ્વારા વર્ષ 2011ને 'વિશ્વ વન વર્ષ' તરીકે જાહેર કર્યુ હતું.
નોંધ : UN દ્વારા 2020 ના વર્ષને Global Plant Health તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

15. વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડ વાયુનું પ્રમાણ કેટલા ટકા છે?
   (A) 1.03 (B) 0.003
   (C) 0.03 (D) 0.30

Ans : (C) 0.03
EX : કાર્બન ડાયોકસાઈડ એ ભારે વાયુ છે. પૃથ્વીના વાતાવરણમાં આ વાયુનું પ્રમાણ ફકત 0.03% જેટલું જ છે પણ મહત્તમ પ્રમાણ પૃથ્વી સપાટીથી નજીકના વિસ્તારમાં રહેલું છે.
પૃથ્વીના વાતાવરણમાં 78.09% નાઈટ્રોજન, 20.95% ઓકિસજન, 0.93% આર્ગોન જોવા મળે છે.

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

77. 495 માં 4 ની સ્થાન કિંમત અને 4 ની અંક કિંમતનો તફાવત કેટલો થાય ?

(A) 400 (B) 491
(C) 360 (D) 396

Ans : (D) 396
EX : 495 માં 4 ની સ્થાન કિંમત 400 થાય.
4 ની અંક કિંમત = 4
તફાવત = 400 – 4
= 396

78. 8 પેનની વે.કિં. 12 પેનની મૂ.કિં. જેટલી રાખવામાં આવે, તો કેટલા ટકા નફો થાય?

(A) 20% (B) 25%
(C) 50% (D) 40%

Ans : (C) 50%
EX : અહીં નફો = મૂ.કિં. – વે.કિં.
∴ 4 પેનની મૂ.કિં. જેટલો નફો થાય છે.
ધારો કે 1 પેનની મૂ.કિં. 1 રૂ. છે.
∴ નફો = 12 – 8 = 4 રૂ.
∴ 8 ------ 4
100 (?)
$-\frac{100 \times 4}{8}$
નફો = 50%

79. ત્રણ ભિન્ન અસમરેખ બિંદુઓમાંથી કેટલા વર્તુળ પસાર થાય?

(A) ચાર (B) ત્રણ
(C) બે (D) એક

Ans : (D) એક
EX : વર્તુળની રચના માટે ઓછામાં ઓછા ત્રણ ભિન્ન અસમરેખ બિંદુઓની જરૂર હોય છે.

80. 12 ÷ [15 – 4{12 – (6 + 3)}] કૌંશ છોડી સાદું રૂપ આપો.

(A) 1 (B) 4
(C 2 (D) 3

Ans : (B) 4
EX :
12 ÷ [15 – 4{12 – (6 + 3)}]
= 12 ÷ [15 – 4{12 – 9}]
= 12 ÷ [15 – 4{3}]
= 12 ÷ [15 – 12]
= 12 ÷ 3
= 4

81. એક જ વર્તુળના પરિઘ અને વ્યાસનો ગુણોત્તર કેટલો થાય ?

(A) $\frac{1}{\pi}$ B) $\pi$
(C) $2\pi r$ D) $\pi r^2$

Ans : (B) $\pi$
EX : વર્તુળનો પરિઘ = $2\pi r$
વર્તુળનો વ્યાસ = $2r$
∴ ગુણોત્તર = $\frac{2\pi r}{2r} = \pi$

## વર્તમાન પ્રવાહ

82. ભારતીય રીઝર્વ બેન્કનાં હાલના ગર્વનર કોણ છે?

(A) શ્રી રઘુરાજન (B) શ્રી ઉર્જીત પટેલ
(C) શ્રી હસમુખ અઢીયા D) શ્રી ડી.સી.બારાવ

Ans : (B) શ્રી ઉર્જીત પટેલ
EX : ભારતીય રિઝર્વ બેંક(RBI)ની સ્થાપના વર્ષ 1935માં કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ 1949માં તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યુ હતું. RBI એ બેંકોની બેંક છે તે ભારતમાં મૌદ્રિક નિતિ ઘડવાનું અને ચલણી નોટો છાપવાનું કાર્ય કરે છે. RBIના પ્રથમ ગવર્નર ઓસબોર્ન સ્મીથ હતા. વર્ષ 2016 થી વર્ષ 2018 સુધી ઉર્જીત પટેલ અને ડિસેમ્બર, 2018 થી શક્તિકાંત દાસ RBIના ગવર્નર છે.

83. ગુજરાત વિધાનસભાના હાલના અધ્યક્ષ કોણ છે?

(A) રમણલાલ વોરા (B) ગણપત વસાવા
(C) મંગુભાઈ વસાવા (D) ઓ.પી. કોહલી

Ans : (A) રમણલાલ વોરા
EX : ગુજરાત વિધાનસભાની સભ્યસંખ્યા 182 છે. ગુજરાત વિધાનસભાની ઈમારતને વિઠ્ઠલભાઈ પટેલ ભવન કહે છે. ગુજરાત વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ કલ્યાણજી મહેતા હતા. ઓગસ્ટ 2016 થી ફેબ્રુઆરી 2018 સુધી રમણલાલ વોરા અને ફેબ્રુઆરી 2018 બાદ રાજેન્દ્ર ત્રિવેદી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ છે.

84. તાજેતરમાં જેની ચર્ચા દેશભરમાં થઈ રહી છે તે 'GST' નું પૂરું નામ શું છે?

(A) ગુજરાત સર્વિસ ટેકસ
(C) ગુજરાત સ્ટાન્ડર્ડ ટાઈમ
(B) ગુડઝ સેલ્સ ટેકસ
(D) ગુડઝ એન્ડ સર્વિસ ટેકસ

Ans : (D) ગુડઝ એન્ડ સર્વિસ ટેકસ
EX : ગુડઝ એન્ડ સર્વિસ ટેકસ એ એક અપ્રત્યક્ષ કર છે. GST(ગુડઝ એન્ડ સર્વિસ ટેકસ) નો અમલ 1 જુલાઈ, 2017ના રોજ 101મા બંધારણીય સુધારા અંતર્ગત થયો. GSTના અમલથી બંધારણમાં અનુચ્છેદ 246(A), 269(A) અને 279(A) ઉમેરાવામાં આવ્યા.

85. વર્ષ 2015 માં કયા સાંસ્કૃતિક વર્ગમાં રાજય કક્ષાનો વન મહોત્સવની ઉજવણી થઈ હતી?

(A) શકિત વન (B) જાનકી વન
(C) નાગેશ વન (D) વિરાસત વન

Ans : (B) જાનકી વન
EX : ભારતમાં વનમહોત્સવની શરૂઆત વર્ષ 1950થી કનૈયાલાલ મુનશી દ્વારા કરાવવામાં આવી હતી. ઈ.સ. 2004ના 55મા વનમહોત્સવથી સાંસ્કૃતિક વન સ્થાપવાની શરૂઆત થઈ હતી. ઈ.સ. 2015માં વાંસદા ખાતે જાનકી વનની સ્થાપના કરવામાં આવી હતી. ઈ.સ. 2020માં રાજકોટ ખાતે 71મો વનમહોત્સવ ઊજવાયો જેમાં રામવન સ્થાપવાની જાહેરાત કરવામાં આવી.

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION